
न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
આ સંસારમાં જ્ઞાન જેવું પવિત્ર કરનારું નિઃસંદેહ બીજું કશું જ નથી.

માધ્યમિક

# શિક્ષણ અને પરીક્ષણ

શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામયિક
Printed and Posted on 28th of Each Month
Year : 15• Issue : 03 • August, 2025
વિક્રમ સંવત ૨૦૮૧ • શ્રાવણ વદ

**પ્રશ્નપત્ર પરિરૂપ વિશેષાંક**
**ધોરણ 10 અને 12 (ગુજરાતી પ્રથમ ભાષા)**



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

# માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ


## સલાહકાર મંડળ

1. **શ્રી મુકેશ પંડ્યા** (આઈએએસ)
અધ્યક્ષશ્રી
2. **શ્રી અનિલકુમાર રાદડિયા**
નાયબ અધ્યક્ષશ્રી
3. **શ્રી ડી. પી. વાઘેલા**
કન્ટ્રોલર ઓફ એકાઉન્ટ્સ એન્ડ સ્ટોર્સ

## તંત્રી મંડળ

1. **શ્રી બી. એન. રાજગોર**
સંયુક્ત નિયામક અને માર્ગદર્શક તંત્રી
2. **શ્રી આર. આર. વ્યાસ**
સચિવ અને તંત્રી
3. **ડો. એન. ડી. પટેલ**
સંયુક્ત સચિવ અને સહતંત્રી
4. **શ્રી પુલકિત જોશી**
મદદનીશ સચિવ અને મદદનીશ સહતંત્રી


## સૂચનાઓ

1. વાર્ષિક લવાજમ રૂ. 400/- દરેક શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે મોકલવાનું રહેશે. મેગેઝિનનું વર્ષ જૂન થી મે ગણાય છે.
2. લવાજમ મોકલવાનું સરનામું :
સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, સેક્ટર 10-બી, ગાંધીનગર-382 010
3. વ્યક્તિગત ગ્રાહક માટે લવાજમની રકમ રૂ.200/- (બેંક ડી.ડી.)
4. છૂટક નકલ : રૂ.40/-
5. પ્રકાશનની તારીખ : દર મહિનાની 28મી
6. સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવતા લેખોમાં દર્શાવેલા લેખકોના વિચારો અંગત છે. લેખકોના વિચારો સાથે બોર્ડ સંમત છે તેમ માની લેવું નહીં.

## લેખકોને સૂચનાઓ

1. **પત્રવ્યવહાર તેમજ શૈક્ષણિક લેખો શ્રી પુલકિત જોશી, મદદનીશ સહતંત્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર 10-બી, ગાંધીનગર-382 010ને નામજોગ મોકલવા.**
2. **લેખો મૌલિક, સ્પષ્ટ, સુવાચ્ય, પાનાની એક બાજુએ લખેલા હોવા જોઈએ.**
3. **લેખ સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે કે આપનો લેખ મૌલિક છે તેમજ અન્યત્ર છપાયેલ નથી.**
4. **કોમી લાગણી ઉશ્કેરે તેવા, ભેદભાવ કે ગેરસમજ ફેલાય તેવા, કોઈને ઉતારી પાડતા શબ્દો કે વાક્યરચના લેખમાં સમાવિષ્ટ ન થાય તે જોવા વિનંતી.**
5. **સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખોની જવાબદારી જે તે લેખકની રહેશે.**
6. **આ સામયિકમાં પ્રસિદ્ધ થતાં મૌલિક લેખ માટે લેખકને લેખદીઠ રૂ. 200/- પુરસ્કાર આપવામાં આવશે.**
7. **અસ્વીકૃત લેખ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી તેમજ લેખ પરત મોકલવામાં આવતો નથી.**
8. **"માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ"ના અંક પ્રાપ્ત ન થવા અંગેની લેખિત ફરિયાદ (ગ્રાહક ક્રમાંક સાથે) જે તે પોસ્ટ ઓફિસમાં કર્યા બાદ પોસ્ટ ઓફિસના સહી-સિક્કાવાળી નકલ અત્રે મોકલવી.**



15 ઑગસ્ટ, 2025ના રોજ રાષ્ટ્રના 79મા સ્વાતંત્ર્ય દિવસની રાજ્યકક્ષાના કાર્યક્રમની ઉજવણી પોરબંદર ખાતે કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સંબોધન કરતા તસવીરમાં દૃશ્યમાન થાય છે.



15 ઑગસ્ટ, 2025ના રોજ રાષ્ટ્રના 79મા સ્વાતંત્ર્ય દિને પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા ખાતે ગુજરાતના માનનીય શિક્ષણમંત્રી શ્રી પ્રૉ. ડૉ. કુબેરભાઈ ડિંડોર સંબોધન કરતા દૃશ્યમાન થાય છે.



15 ઑગસ્ટ, 2025ના રોજ રાષ્ટ્રના 79મા સ્વાતંત્ર્ય દિને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત નાયબ અધ્યક્ષ શ્રી અનિલકુમાર રાદડિયા, સચિવશ્રી તેમજ અન્ય અધિકારીશ્રીઓ તસવીરમાં દૃશ્યમાન થાય છે.


**સંપર્ક : સંશોધન શાખા**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર - 382 010**
**E-mail : shikshanparikshan.gseb@gmail.com**


બોર્ડની વેબસાઈટનું સરનામું : **www.gseb.org**

# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચકમિત્રો,**

સૌને નમસ્કાર. ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના ઇતિહાસમાં ક્રાંતિકારી ઑગસ્ટ માસનું વિશેષ મહત્ત્વ ગણાયું છે. જગતનો ઇતિહાસ પણ એ વાતની સાક્ષી આપે છે કે મનુષ્યજાતિએ દેશહિત, દેશદાઝ અને દેશપ્રેમની ભાવનાથી વધુમાં વધુ બલિદાનો આઝાદીની પ્રાપ્તિ માટે જ આપ્યાં છે. અસંખ્ય નામી-અનામી સ્વાતંત્ર્યસેનાનીઓ, વીર શહીદો, અમર વીરાંગનાઓ, ક્રાંતિકારી યુવાનો અને દેશભક્ત સપૂતોનાં બલિદાનોથી ભારતની આઝાદીનો ઇતિહાસ સુવર્ણ અક્ષરે લખાયેલો છે. વિદ્યાર્થીઓ ભારતના આઝાદીસંગ્રામની ઘટનાઓ, શહીદોનાં બલિદાન અને જીવનકાર્યો વિશે જાણે તેમજ રાષ્ટ્રધ્વજનું મહત્ત્વ સમજે તે માટે શાળાકક્ષાએ તેઓને આ અંગે માહિતગાર કરવા જોઈએ. આઝાદીના સંગ્રામમાં સહભાગી થનાર દેશભક્તોના જીવનના પ્રેરણાદાયી પ્રસંગો અને કાર્યો વિશે વિદ્યાર્થીઓને જાણકારી આપીને તેમનામાં સંસ્કારઘડતર કરીએ, મૂલ્યોનું સંવર્ધન કરીએ અને દેશભક્તિની ભાવના જગાડીએ.

આપ સૌએ આપની શાળામાં ‘હર ઘર તિરંગા’ના દેશવ્યાપી અભિયાન સાથે ઉમંગ અને ઉત્સાહભર્યા માહોલમાં પંદરમી ઑગસ્ટે વિવિધ કાર્યક્રમો સાથે 79મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરી હશે. ‘‘મારો દેશ મારા માટે શું કરે છે એ નહિ પરંતુ હું મારા દેશ માટે શું કરી શકું’’ - એનું આત્મચિંતન કરી, ‘સર્વજન હિતાય અને સર્વજન સુખાય’ની ભાવના કેળવીએ તેમજ ‘Nation First’ની ભાવનાને આત્મસાત્ કરીએ એ જ સ્વાતંત્ર્ય દિનની સાચી ઉજવણી કહી શકાય.

‘સર્વધર્મ સમભાવ’ની ભાવનાને વરેલી આપણી ભારતીય સંસ્કૃતિમાં લોકો એકતા, ભક્તિ, પ્રેમ અને ભાઈચારાની ભાવના સાથે વિવિધ સામાજિક, ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારો ઉજવે છે. તહેવારો એ કેળવણીનું વિશિષ્ટ અને મહત્ત્વનું અંગ ગણાય છે. ઑગસ્ટ માસમાં આવતા રક્ષાબંધન, સ્વાતંત્ર્યદિન, પતેતી, જન્માષ્ટમી, ગણેશચતુર્થી, સંવત્સરી જેવા તહેવારોનું મહત્ત્વ સમજાવીને તે દ્વારા બાળકોને જીવનલક્ષી શિક્ષણ પૂરું પાડીએ.

જેમનો જન્મદિવસ આપણે ‘શિક્ષકદિન’ તરીકે ઉજવીએ છીએ એવા ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ, મહાન શિક્ષણશાસ્ત્રી અને તત્ત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ને આગામી પાંચમી સપ્ટેમ્બરે શિક્ષકદિને કોટિ કોટિ વંદન કરીએ. આ દિવસે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામેલા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ક્ષેત્રે સેવા આપતા શિક્ષકોનું જાહેરમાં સન્માન-અભિવાદન કરવામાં આવનાર છે. તે તમામ શ્રેષ્ઠ સારસ્વત આચાર્યમિત્રો, શિક્ષક ભાઈ-બહેનોએ પોતપોતાની શાળામાં કરેલી શૈક્ષણિક, સામાજિક, સર્જનાત્મક અને સંશોધનાત્મક પ્રવૃત્તિઓની નોંધ લઈને તેઓને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. આ સૌ શ્રેષ્ઠ શિક્ષકો પોતપોતાના વિષયક્ષેત્રે ઉત્તમ શૈક્ષણિક કાર્યો અને પ્રવૃત્તિઓ દ્વારા અન્ય શિક્ષકોના પ્રેરક અને માર્ગદર્શક બને એવી અપેક્ષા રાખું છું તેમજ શુભકામના પાઠવું છું.

**મુકેશ પંડ્યા**
**અધ્યક્ષ**

**તા. 20-08-2025**

# તંત્રી સ્થાનેથી...

**સુજ્ઞ સારસ્વત આચાર્યમિત્રો તથા શિક્ષક ભાઈ-બહેનો,**

સૌને સ્નેહભર્યા વંદન. ઑગસ્ટ, 2025નો આ અંક આપ સૌ વાચકોના અભ્યાસ, વાંચન અને અવલોકન માટે અત્રેથી પ્રકાશિત કરતા તંત્રીમંડળ આનંદની લાગણી અનુભવે છે. ઈ.સ. 1947ની 15મી ઑગસ્ટનો સ્વાતંત્ર્યદિન ભારતની આઝાદીની લડતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયો છે, દેશના ખૂણેખૂણે અને કણેકણમાં વ્યાપેલો છે. એ સમયના ક્રાંતિકારી સ્વાતંત્ર્યવીરો, શહીદ થયેલા નર-નારીઓની શહાદતને યાદ કરવાનો આ દિવસ છે. આપ સૌએ 79મા સ્વાતંત્ર્ય પર્વે આનંદ-ઉલ્લાસથી ધ્વજવંદન કરી, રાષ્ટ્રધ્વજને સલામી આપી, દેશભક્તિનાં ગીતો અને રાષ્ટ્રગીત ગાઈને, વિશિષ્ટ કાર્યક્રમ સાથે આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી હશે.

આપણા દેશનો તિરંગો રાષ્ટ્રધ્વજ દેશની શાન છે. 'હર ઘર તિરંગા'નું અભિયાન એકતા અને અખંડિતતાનું પ્રતીક છે. બાળકોમાં દેશભક્તિ ઉજાગર થાય અને બાળકો અમર શહીદો અને સપૂતોના જીવનમાંથી પ્રેરણા મેળવે તે હેતુથી 'સ્વાતંત્ર્ય દિન' અને 'હર ઘર તિરંગા' કાર્યક્રમની ઉજવણી થાય છે. આપણો રાષ્ટ્રધ્વજ જેમાં કેસરી રંગ હિંમત અને બલિદાન, સફેદ રંગ શાંતિ અને પવિત્રતા તથા લીલો રંગ હરિયાળી અને સમૃદ્ધિનું પ્રતીક છે. રાષ્ટ્રધ્વજ વચ્ચેનું અશોકચક્ર સતત પ્રગતિ કરવાનું અને જનતાની આશા-અપેક્ષાઓ પૂરાં કરવાનું સૂચવે છે. રાષ્ટ્રગીત 'જનગણમન' અને રાષ્ટ્રીયગાન 'વંદે માતરમ્' દેશભક્તિની ભાવના ઉજાગર કરે છે. આપણે સૌ આપણી 'રાષ્ટ્રીય પ્રતિજ્ઞા'ને વરેલા છીએ. સમગ્ર વિશ્વ આજે આપણા દેશને એક બિનસાંપ્રદાયિક, મજબૂત અને પ્રજાસત્તાક લોકશાહી દેશ તરીકે ખૂબ માન અને આદરથી જુએ છે. સૌ કોઈ પોતપોતાના ક્ષેત્રે દેશહિતમાં નિષ્ઠા, વફાદારી, પ્રામાણિકતા, વિશ્વાસ, માનવતા, ભાઈચારો, સંપ, એકતા અને શ્રદ્ધા સાથે કામ કરે એવી આશા સેવીને 15 ઑગસ્ટના 79મા સ્વાતંત્ર્ય પર્વની સૌને શુભકામના પાઠવું છું.

આપણે સૌ ભારતીયો ભારતીય સંસ્કૃતિની વિવિધતા અને 'સર્વધર્મ સમભાવ'ની ભાવનાથી ઊજળા છીએ. દર વર્ષે આવતા સામાજિક, ધાર્મિક, રાષ્ટ્રીય તહેવારો જીવનને તાજગી અને ઉમંગથી ભરી દે છે. દરેક તહેવારની સાચા અર્થમાં ઉજવણી થાય અને દરેક ઉત્સવ, પર્વ કે તહેવારનું સૌ મહત્ત્વ સમજે, તહેવાર સાથે જોડાયેલ ઇતિહાસ જાણે એ જરૂરી બાબત છે. ઑગસ્ટ માસમાં આવેલા તહેવારોની ઉજવણી શાળામાં માત્ર રજા પાડીને નહિ પરંતુ તે તહેવાર ઘર-પરિવાર અને સમાજમાં હરખથી ખરા અર્થમાં ઉજવાય તો તેનું તાત્પર્ય જળવાય.

રાજ્યની દરેક શાળામાં આગામી પાંચમી સપ્ટેમ્બર-'શિક્ષકદિન' તરીકે ઉજવાય તેવું આયોજન આપ સૌએ કર્યું હશે. વર્ગખંડમાં આ દિવસે બાળકો શિક્ષકની ભૂમિકામાં ભણાવે ત્યારે તેમને શિક્ષકની ફરજ અને જવાબદારી સમજાય છે. 'શિક્ષક કભી સાધારણ નહિ હોતા, પ્રલય ઔર નિર્માણ ઉન કી ગોદ મેં પલતે હૈ.' એવું ચાણક્ય કહી ગયા છે. પોતાનો જન્મદિન 'શિક્ષક દિન' તરીકે ઉજવાય એવું કહીને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ને સમગ્ર શિક્ષકઆલમને સમાજમાં ઊંચો મોભો અને દરજ્જો આપ્યો છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને જાણીતા કેળવણીકાર, વિશ્વશિક્ષક અને તત્ત્વચિંતક હતા. તેમના શિક્ષણદર્શનને તથા તેમનાં જીવનકાર્યોને સમજીએ અને તેમને આ દિવસે ખરા દિલથી શ્રદ્ધાંજલિ આપીએ.

દર વર્ષે 5 સપ્ટેમ્બર-શિક્ષકદિને સન્માનનીય રાજ્યપાલશ્રીના વરદ્ હસ્તે માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ માનનીય શિક્ષણમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્યના પસંદગી પામેલા શ્રેષ્ઠ આચાર્ય-શિક્ષકોનું સન્માન અભિવાદન કરવામાં આવે છે. સૌને ઍવોર્ડ આપીને, પ્રશસ્તિપત્ર, પારિતોષિક-પુરસ્કાર અર્પણ કરીને શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવે છે. આગામી પાંચમી સપ્ટેમ્બરે સન્માનિત થનાર તમામ શ્રેષ્ઠ શિક્ષક ભાઈ-બહેનોને અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું.

વિપુલ વાચકો અને ગ્રાહકોની સંખ્યા ધરાવતા આપણા આ શૈક્ષણિક સામયિકને વધુ ને વધુ બળવત્તર અને ગુણવત્તાસભર બનાવતા લેખકમિત્રોને બિરદાવું છું. રાજ્યની તમામ શાળાઓનો પરિવાર આ સામયિકના વ્યક્તિગત ગ્રાહક બને અને વાંચતા રહે એવી અપેક્ષા... 'જય હિંદ,' 'ભારત માતા કી જય.'

**આર. આર. વ્યાસ**

તા. 20-08-2025 **સચિવ/તંત્રી**

# અનુક્રમણિકા


| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | રાષ્ટ્રીય શિક્ષણનીતિ માનવીની મૂલ્યનિષ્ઠા ઉપર ભાર મૂકે છે. | પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર | 4 |
| 2. | વહીવટી વિભાગ - પરિપત્ર | સંકલન | 5 |
| 3. | પરીક્ષણ વિભાગ :<br>ધોરણ-10 અને ધોરણ-12 ના અભ્યાસક્રમનું<br>માસવાર આયોજન, પ્રશ્નપત્ર પરિરૂપ અને<br>નમૂનાના પ્રશ્નપત્રો : ગુજરાતી (પ્રથમ ભાષા)<br>• ધોરણ-10 : ગુજરાતી (પ્રથમ ભાષા)<br>• ધોરણ-12 : ગુજરાતી (પ્રથમ ભાષા) (સામાન્ય પ્રવાહ)<br>• ધોરણ-12 : ગુજરાતી (પ્રથમ ભાષા) (વિજ્ઞાન પ્રવાહ) | સંકલન | <br><br><br><br>6<br>13<br>23 |



**શિક્ષણમંત્રીશ્રીની કલમે...**

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ માનવીની મૂલ્યનિષ્ઠા ઉપર ભાર મૂકે છે.

• પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર •

મૂલ્યનિષ્ઠ શિક્ષણ વ્યક્તિને નીતિ, ધર્મ અને સત્યનું વાસ્તવિક જ્ઞાન આપે છે અને આ શિક્ષણ માત્ર શાળાઓ કે કૉલેજોમાંથી નથી મળવાનું પણ જીવનની વિવિધ પરિસ્થિતિઓમાંથી, જીવનના સંઘર્ષમાંથી, જીવનની વિટંબણાઓમાંથી મળતું હોય છે. શાળા-કૉલેજનું શિક્ષણ જીવનના આ શિક્ષણને સમજવાની, ઓળખવાની દૃષ્ટિ આપે છે. તેથી જે વ્યક્તિ શિક્ષણનો આ પહેલો તબક્કો પરિશ્રમથી પૂર્ણ કરે છે એને જીવનશિક્ષણનો બીજો તબક્કો સહેલાઈથી સમજાઈ જાય છે.

જેવી રીતે પ્રત્યેક ચીજવસ્તુનું એક પોતીકું મૂલ્ય હોય છે તે રીતે પ્રત્યેક વ્યક્તિનું બાહ્ય અને આંતરિક મૂલ્ય હોય છે. બાહ્ય આવરણો તો ખૂબ ઝડપથી હટી જતા હોય છે. પણ જો આંતરિક મૂલ્યને અમૂલ્ય બનાવવું હોય તો વ્યક્તિએ પોતાના જીવનને મૂલ્યનિષ્ઠ બનાવવું જોઈએ. સત્ય, ધર્મ અને નીતિના માર્ગે ચાલવાથી વ્યક્તિની આંતરિક પ્રતિભા લાખો-કરોડો લોકોને પોતાની તરફ આકર્ષિત કરે છે. વ્યક્તિની વાણી કરતા એના કર્મથી એનું મૂલ્ય વધે કે ઘટે છે. જે વ્યક્તિ માત્ર વાણીથી બીજાને પ્રભાવિત કરી સફળતા મેળવે છે એનાં દુષ્પરિણામો પણ એણે ભવિષ્યમાં ભોગવવા પડે છે. તેથી જ ‘શ્રીમદ્ ભગવદ્‌ગીતા’માં પણ ભગવાન શ્રીકૃષ્ણે ‘કર્મ’ને મહત્ત્વ આપ્યું છે. તેથી જો વાણી અને કર્મ જુદા પડે છે તો સામાજિક રીતે વ્યક્તિનું કોઈ મૂલ્ય નથી અને વાણીનો પ્રભાવ માત્ર પદ સુધી સીમિત રહે છે. જ્યારે કર્મનો પ્રભાવ જન્મોજન્મ રહે છે. શ્રીરામ, શ્રીકૃષ્ણ, મહાવીર, કબીર આનાં ઉત્તમ ઉદાહરણો છે.

આજકાલ આ યાંત્રિક દુનિયામાં ઉપયોગિતા વિના કોઈ કશું જ કર્મ કરતું નથી. બહુ ઓછા એવા લોકો હશે જેઓ કોઈપણ સ્વાર્થ વિના પોતાનું કર્મ કરતા રહેતા હોય. કેમ કે, આજની દુનિયા આદાન-પ્રદાનની છે. આજે એક હાથે લેવાની અને બીજા હાથે આપવાની એક પ્રણાલિ બની ગઈ છે. પરંતુ આ દૂષિત વ્યવહારમાંથી માનવજાતને જો કોઈ ઉગારી શકે એમ હોય તો એક માત્ર છે સાચું મૂલ્યનિષ્ઠ શિક્ષણ. ઉપરાંત આ શિક્ષણને ગ્રહણ કરવાની પાત્રતા પણ ખૂબ અગત્યની છે. નહિતર પાંડવો અને કૌરવોના એક જ ગુરુ હતા. ગુરુ દ્રોણાચાર્યે સૌને એક સરખું જ શિક્ષણ આપ્યું હતું. આમ છતાં કૌરવો કૌરવો જ રહ્યા અને પાંડવો સાચા અર્થમાં પાંડવ બન્યા અને મહાભારતના મહાયુદ્ધમાં ખુદ ભગવાન શ્રીકૃષ્ણ એમની સાથે હતા.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ માનવીની મૂલ્યનિષ્ઠા ઉપર ભાર મૂકે છે. શિક્ષણકર્મને પ્રાધાન્ય આપે છે. કેમ કે, શિક્ષણ જ એકમાત્ર એવી વ્યવસ્થા છે કે જે આખા દેશને ઉન્નતિના શિખરે લઈ જઈ શકે છે. વિશ્વના બીજા દેશોની શિક્ષણવ્યવસ્થાઓનો અભ્યાસ કરતાં આ સત્ય આપોઆપ પ્રમાણિત થઈ જાય છે અને આ માટે જ આપણી સરકારે રાષ્ટ્રીય શિક્ષણનીતિનું અમલીકરણ કર્યું છે. જેનાં પરિણામો કદાચ તત્કાલ નહીં દેખાય પણ આપણી આવનારી પેઢીને એના મૂલ્યની જરૂર ખબર પડશે. શિક્ષણથી જીવનમાં સારાં મૂલ્યો આવે છે. જોકે એના માટે કર્મનિષ્ઠ શિક્ષકો પણ હોવા જરૂરી છે. જેઓ રાષ્ટ્રને સમર્પિત થઈને માત્ર ચાણક્યની જેમ પોતાનું કર્મ રાષ્ટ્ર માટે કરતા રહે.

તા. 20-8-2025
ગાંધીનગર

મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને
પ્રૌઢ શિક્ષણ, ગુજરાત સરકાર, ગાંધીનગર

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2025/2138-73
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅક્ટર-10બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 01-08-2025

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)**
**ગુજરાત રાજ્ય.**

**વિષય : ધોરણ-9 થી 12ના કેટલાક વિષયોના અભ્યાસક્રમના માસવાર આયોજન તેમજ પ્રશ્નપત્ર પરિરૂપ મોકલવા બાબત.**

**સંદર્ભ : તા. 17-07-2025ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક : 12/2025**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ધોરણ-9 થી 12ના ગુજરાતી (પ્રથમ ભાષા), અંગ્રેજી (પ્રથમ ભાષા), હિન્દી (પ્રથમ ભાષા) તેમજ ઉર્દૂ (પ્રથમ ભાષા)નાં પાઠ્યપુસ્તકોમાં 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નાં મૂલ્યોને લગતા પ્રકરણોનો સમાવેશ કરવામાં આવેલ છે. ધોરણ-9 થી 12ના કમ્પ્યૂટર અધ્યયન વિષયનો અભ્યાસક્રમ રીવાઈઝ કરવામાં આવેલો છે. ધોરણ-12 અર્થશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકમાં પ્રાકૃતિક ખેતીના પ્રકરણનો સમાવેશ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉક્ત વિષયોના અભ્યાસક્રમના માસવાર આયોજન તેમજ પ્રશ્નપત્ર પરિરૂપમાં તજ્જ્ઞશ્રીઓ દ્વારા સુધારા કરવામાં આવેલ છે. તા. 17-07-2025ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિની બેઠકમાં સંદર્ભદર્શિત ઠરાવથી કરવામાં આવેલ નિર્ણય અન્વયે શૈક્ષણિક વર્ષ 2025-26 થી ધોરણ-9 થી 12માં ઉક્ત વિષયોના અભ્યાસક્રમના માસવાર આયોજન તેમજ પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ કરવામાં આવનાર છે.

આ સાથે ઉપરોક્ત વિષયોના અભ્યાસક્રમના માસવાર આયોજન તેમજ પ્રશ્નપત્ર પરિરૂપ મોકલી આપવામાં આવે છે. વિશેષમાં જણાવવાનું કે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રથમ ભાષાના પાઠ્યપુસ્તકમાં 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નો સમાવેશ કરવામાં આવેલ છે. તે પૈકી ગુજરાતી પ્રથમ ભાષાના પાઠ્યપુસ્તકમાં આ અંગેનાં પ્રકરણોનો સમાવેશ કરવામાં આવેલ છે. જ્યારે હિન્દી (પ્રથમ ભાષા), અંગ્રેજી (પ્રથમ ભાષા) અને ઉર્દૂ (પ્રથમ ભાષા)ની પૂરક પુસ્તિકા તૈયાર કરવામાં આવેલ છે. ઉક્ત પૂરક પુસ્તિકાની સોફ્ટ કોપી આ સાથે મોકલવામાં આવે છે. ઉક્ત વિગતે ઉપરોક્ત વિષયોના અભ્યાસક્રમના માસવાર આયોજન, પ્રશ્નપત્ર પરિરૂપ તેમજ પૂરક પુસ્તિકા આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારુ મોકલી આપશો.

**બિડાણ :** ઉપર મુજબ

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

– માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

મનુષ્ય સ્વતંત્રતાથી સુખ પ્રાપ્ત કરે છે. સ્વતંત્રતાથી પરમ તત્ત્વ પ્રાપ્ત કરે છે.
સ્વતંત્રતાથી શાંતિ પ્રાપ્ત કરે છે. સ્વતંત્રતાથી પરમ પદ પ્રાપ્ત કરે છે. **– અષ્ટાવક્ર ગીતા**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2025-26
## ધોરણ-10
## વિષય : ગુજરાતી (FL) (પ્રથમ ભાષા)
## અભ્યાસક્રમનું માસવાર આયોજન

| ક્રમ | માસ | પ્રકરણ | તાસ સંખ્યા |
|---|---|---|---|
| 1. | જૂન | 01. વૈષ્ણવજન<br>02. રેસનો ઘોડો<br>03. શીલવંત સાધુને<br>● વ્યાકરણ : ધ્વનિશ્રેણી<br>● લેખન : વિચારવિસ્તાર | 03<br>08<br>03<br>02<br>03 |
| 2. | જુલાઈ | 04 ભૂલી ગયા પછી<br>05. દીકરી<br>06. વાઈરલ ઇન્ફેક્શન<br>07. હું એવો ગુજરાતી<br>● વ્યાકરણ : જોડણી, અનુસ્વાર, પ્રત્યય<br>● લેખન - સંક્ષેપલેખન | 08<br>03<br>05<br>03<br>06<br>02 |
| 3. | ઑગસ્ટ | 08. છત્રી<br>09. માધવને દીઠો છે ક્યાંય ?<br>10. ડાંગવનો અને...<br>11. શિકારીને<br>● વ્યાકરણ : સંધિ, સમાસ, ક્રિયાવિશેષણ | 03<br>03<br>04<br>03<br>09 |
| 4. | સપ્ટેમ્બર | 12. ચોપડાની ઇન્દ્રજાળ<br>13. વતનથી વિદાય થતાં<br>● અહેવાલ લેખન, નિબંધ | 09<br>03<br>05 |
| 5. | ઑક્ટોબર | 14. જન્મોત્સવ<br>15. બોલીએ ના કાંઈ<br>25. સમર્પણ<br>● નિબંધ (આત્મકથા) | 05<br>02<br>03<br>02 |
| 6. | નવેમ્બર | 16. ગતિભંગ<br>17. દિવસો જુદાઈના જાય છે<br>18. ભૂખથીય ભૂંડી ભીખ<br>● સંક્ષેપીકરણ<br>● વિચાર-વિસ્તાર | 04<br>04<br>09<br>02<br>02 |
| 7. | ડિસેમ્બર | 19. એક બપોરે<br>20. વિરલ વિભૂતિ<br>21. ચાંદલિયો<br>22. હિમાલયમાં એક સાહસ<br>● વ્યાકરણ : સંજ્ઞા, સમાનાર્થી શબ્દો<br>● વિરુદ્ધાર્થી શબ્દો, શબ્દસમૂહ | 03<br>07<br>03<br>05<br>04<br>04 |
| 8. | જાન્યુઆરી | 23. લઘુ કાવ્યો<br>24. ઘોડીની સ્વામીભક્તિ<br>26. રાષ્ટ્રભક્તિની સંજીવની<br>● નિબંધ-વ્યક્તિવિશેષ<br>● પુનરાવર્તન | 03<br>05<br>05<br>02<br>02 |
| 9. | ફેબ્રુઆરી | ● પુનરાવર્તન | 24 |

સ્વતંત્રતાની સાધના કરનાર પોતાના આત્મબળના સહારાથી જ આગળ વધે છે.
તે બીજાના સહારે આગળ વધવાની વાત વિચારી જ ન શકે. **– નથમલ મુનિ**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-10

## વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા) (01)

## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **ગુણ : 80**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 29 | 16 | 10 | 04 | 21 | 80 |
| ટકા(%) | 36% | 20% | 13% | 5% | 26% | 100% |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 16 | 16 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA) | 06 | 08 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 09 | 24 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 01 | 08 |
| | કુલ | **56** | **80** |

**વિભાગ પ્રમાણે ગુણભાર :**

| ક્રમ | વિભાગ | ગુણભાર |
|---|---|---|
| 1. | A-(ગદ્ય વિભાગ) | 20 |
| 2. | B-(પદ્ય વિભાગ) | 20 |
| 3. | C-(વ્યાકરણ વિભાગ) | 20 |
| 4. | D-(અર્થગ્રહણ/લેખન વિભાગ) | 20 |
| | કુલ | **80** |

દેશની સ્વતંત્રતા કાનૂની બારીકીઓથી મળતી નથી.
એના માટે કાં-તો તલવાર જરૂરી છે અથવા સત્યાગ્રહનું ખડગ. **– મહાત્મા ગાંધી**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-10

## વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા) (01)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** ગુણ : 80

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A (ગદ્ય)** | **[20]** |
| 1 થી 4 | (અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો :<br>(કૃતિ-કર્તા / કૃતિ-સાહિત્ય પ્રકાર / પાત્ર-કૃતિ / પાત્ર-ઉક્તિ)<br>આ ચાર પૈકી **ગમે તે એક**નું જોડકું પૂછવું. **(દરેકનો 1 ગુણ)** | 04 |
| 5 થી 8 | (બ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો :<br>(ચાર ખાલીજગ્યા પૂછવી) (કૌંસમાં વિકલ્પ આપવા) **(દરેકનો 1 ગુણ)** | 04 |
| 9 થી 10 | (ક) આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો :<br>(બે પ્રશ્ન પૂછવા) **(દરેકનો 1 ગુણ)** | 02 |
| 11 થી 13 | (ડ) આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :<br>(ત્રણ પ્રશ્ન પૂછવા અને **કોઈપણ બે**ના ઉત્તર લખવા) **(દરેકના 2 ગુણ)** | 04 |
| 14 થી 16 | (ઈ) આપેલ પ્રશ્નોના આઠ-દશ વાક્યમાં ઉત્તર લખો :<br>(ત્રણ પ્રશ્ન પૂછવા અને **કોઈપણ બે**ના ઉત્તર લખવા) **(દરેકના 3 ગુણ)** | 06 |
| | **વિભાગ-B (પદ્ય)** | **[20]** |
| 17 થી 20 | (અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો :<br>(કૃતિ-કર્તા / કૃતિ-સાહિત્ય પ્રકાર)<br>આ પૈકી **ગમે તે એક**નું જોડકું પૂછવું. **(દરેકનો 1 ગુણ)** | 04 |
| 21 થી 24 | (બ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો :<br>(કૌંસમાં વિકલ્પ આપવા) **(દરેકનો 1 ગુણ)** | 04 |
| 25 થી 26 | (ક) આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો :<br>**(બે પ્રશ્ન** પૂછવા) **(દરેકનો 1 ગુણ)** | 02 |
| 27 થી 29 | (ડ) આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો :<br>(ત્રણ પ્રશ્ન પૂછવા અને **કોઈપણ બે**ના ઉત્તર લખવા) **(દરેકના 2 ગુણ)** | 04 |
| 30 થી 32 | (ઈ) આપેલ પ્રશ્નોના આઠ-દશ વાક્યમાં ઉત્તર લખો :<br>(ત્રણ પ્રશ્ન પૂછવા અને **કોઈપણ બે**ના ઉત્તર લખવા) **(દરેકના 3 ગુણ)** | 06 |

સ્વતંત્રતાનો અનુભવ કરવો એ જ જીવન છે. પરાધીન સજીવ હોવા છતાં મૃત છે. **– યશપાલ**

| | વિભાગ-C (વ્યાકરણ) | [20] |
|---|---|---|
| 33 થી 52 | **માગ્યા પ્રમાણે વ્યાકરણના પ્રશ્નોના ઉત્તર લખો.**<br>હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો વિકલ્પો સાથે પૂછવાના રહેશે. **(પ્રત્યેકનો 1 ગુણ)**<br>• જોડણી<br>• સંધિ<br>• સમાસ<br>• જોડણીભેદે અર્થભેદ<br>• અલંકાર<br>• પૂર્વ પ્રત્યય અને પર પ્રત્યય<br>• સમાનાર્થી<br>• સંજ્ઞા<br>• રૂઢિપ્રયોગ<br>• કહેવત<br>• શબ્દસમૂહ માટે એક શબ્દ<br>• વિરોધી શબ્દ<br>• વાક્ય રૂપાંતર :<br>(કર્તરિમાંથી કર્મણિમાં અથવા કર્મણિમાંથી કર્તરિમાં બદલવાનું પૂછવું)<br>• તળપદા શબ્દો<br>• વિશેષણ<br>• ક્રિયાવિશેષણ<br>• ધ્વનિશ્રેણી<br>• પ્રેરક / ભાવે વાક્યરચના<br>• છંદ ઓળખાવો<br>• છંદનું ઉદાહરણ / બંધારણ | |
| | **વિભાગ-D (અર્થગ્રહણ / લેખન સજ્જતા)** | [20] |
| 53 | (અ) આપેલ પંક્તિઓનો અર્થવિસ્તાર કરો : (**બેમાંથી કોઈપણ એક**)<br>(આશરે **પંદર વાક્ય**માં લખો :) | 04 |
| 54 | (બ) આપેલ વિષય પર આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો : | 04 |
| 55 | (ક) આપેલ ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો. | 04 |
| 56 | (ડ) આપેલ મુદ્દાના આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.<br>(ત્રણમાંથી **કોઈપણ એક** નિબંધ) | 08 |
| | કુલ ગુણ | 80 |

જે તંત્ર દ્વારા આપણે આપણા આત્માનું દર્શન કરવામાં, આપણા રાષ્ટ્રીય આત્માનો સાક્ષાત્કાર કરવામાં, પોતાપણું વ્યક્ત કરવામાં સમર્થ હોઈએ તે જ સ્વતંત્ર થશે. **— માધવ ગોલવલકર**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-10

## વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા) (01)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** ગુણ : 80

**સૂચનાઓ :**

- આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.
- દરેક વિભાગના 20 ગુણ છે.
- જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.

### વિભાગ - A [20]

**(અ) (1) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** (04)

| | કૃતિ | | કર્તા |
|---|---|---|---|
| 1. | ગતિભંગ | (અ) | પન્નાલાલ પટેલ |
| 2. | ભૂખથીય ભૂંડી ભીખ | (બ) | મોહનલાલ પટેલ |
| 3. | વાઈરલ ઈન્ફેક્શન | (ક) | ચંદ્રકાન્ત પંડ્યા |
| 4. | ચોપડાની ઈન્દ્રજાળ | (ડ) | જોરાવરસિંહ જાદવ |
| | | (ઇ) | ગુણવંત શાહ |

**(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.** (04)

5. પરીક્ષામાં ઉત્તીર્ણ થયાની ખુશીમાં રામાયણ અને મહાભારત __________ ને ભેટ મળ્યાં હતાં. (સૌરભ, અંકિત, સંજય)
6. દેવજી અને કાનજી નવજાત બાળકને __________ પાસે લઈ ગયા. (વેલજી, માણેક, મુખિયાજી)
7. ગંદકીથી ખલેલ પામનાર સંત __________ હતા. (રવિશંકર મહારાજ, સ્વામી વિવેકાનંદ, વિનોબા ભાવે)
8. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં __________ અધ્યાય છે. (15, 18, 700)

**(ક) નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે બે)** (02)

9. 'ભગવદ્ગીતા' શાનો ત્રિવેણી સંગમ છે ?
10. સંદર્ભ 'રખડુનો કાગળ'માંથી કઈ કૃતિ અભ્યાસક્રમમાં સમાવિષ્ટ પામી છે ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** (04)

11. મનીષાએ નિર્ભયતાનો ગુણ કેવી રીતે કેળવ્યો ?
12. રાજકોટ છત્રી લેવા જવાની વાતમાં લેખક શા માટે મક્કમ રહ્યા ?
13. હિમ નદીઓ ઓળંગતી વખતે સહયાત્રીઓને કેવી તકલીફો થઈ ?

**(ઈ) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** (06)

14. લેખક ચંદ્રકાન્ત પંડ્યાના મતે 'ચોપડાની ઈન્દ્રજાળ' શીર્ષક યથાયોગ્ય છે, તે સમજાવો.
15. 'ભૂખથીય ભૂંડી ભીખ' કૃતિના આધારે રાજુની મનોવ્યથા લખો.
16. 'ઢેલ ઘોડીની ખાનદાની' વર્ણવો.

પરતંત્રતામાં સમાજનો 'સ્વ' દબાઈ જાય છે, એટલે રાષ્ટ્ર સ્વરાજની ઈચ્છા રાખે છે.
જેનાથી તે પોતાની પ્રકૃતિ અને ગુણધર્મ પ્રમાણે પ્રયત્ન કરતા સુખની અનુભૂતિ મેળવી શકે. **— દીનદયાલ ઉપાધ્યાય**

## વિભાગ - B (પદ્ય વિભાગ) [20]

(અ) **નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** (04)

| | કૃતિ | | કર્તા |
|---|---|---|---|
| 17. | ચાંદલિયો | (અ) | ગઝલ |
| 18. | માધવને દીઠો છે ક્યાંય ? | (બ) | સૉનેટ |
| 19. | વતનથી વિદાય થતાં | (ક) | ઊર્મિગીત |
| 20. | દીકરી | (ડ) | લોકગીત |
| | | (ઇ) | પદ |

(બ) **નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.** (04)

21. વૈષ્ણવજન વણલોભી ને __________ છે. (કપટરહિત, પાપી, માયાળુ)
22. હૈયું ઉઝરડાય __________ ફૂટે. (પાન, ફૂલ, રક્તટશ્યા)
23. ગંગાસતી __________ માર્ગે આગળ વધેલાં હતાં. (ભક્તિ, યોગ, જ્ઞાન)
24. કવિ રાજેન્દ્ર શાહના મતે આપણી વ્યથા બીજાને મન __________ ની કથા હોઈ શકે. (આનંદ, રસ, દુઃખ)

(ક) **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** (02)

25. કવિની દૃષ્ટિએ 'ભારવાળો મુગટ' એટલે શું ?
26. 'હું એવો ગુજરાતી' ગીતમાં મૌન માટે ગાંધીજીને તો સરદારને શા માટે યાદ કર્યા છે ?

(ડ) **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** (04)

27. 'ઊછરે છે રોજ કાયમથી ફડકમાં દીકરી' એમ કવિ શા માટે કહે છે ?
28. 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે ?
29. 'ચાંદલિયો' લોકગીતમાં કાવ્યનાયિકા સખી પોતાના પતિ વિશે શું કહે છે ?

(ઇ) **નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (ગમે તે બે)** (06)

30. સારસીના ઊડી જવાથી કવિ પર થયેલી અસર તમારા શબ્દોમાં લખો.
31. નરસિંહ મહેતા રચિત્ 'વૈષ્ણવજન' પદના આધારે વૈષ્ણવજનનાં લક્ષણો જણાવો.
32. 'દિવસો જુદાઈના જાય છે' ગઝલમાં કવિની મનઃસ્થિતિ તમારા શબ્દોમાં વર્ણવો.

## વિભાગ - C [20]

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.**
- **આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.**

33. નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો. (1)
    – સુરક્ષીત (સૂરક્ષીત, સુરક્ષિત, સૂરક્ષિત)
    – કૂલદિપક (કુલદિપક, કુલદીપક, કૂલદીપક)
34. 'તત્ + અનુસાર' શબ્દની સાચી સંધિ જોડો. (1)
    (તદાનુસાર, તતનુસાર, તદનુસાર)
35. 'માછીમાર' શબ્દનો સમાસ ઓળખાવો. (1)
    (દ્વંદ્વ, ઉપપદ, બહુવ્રીહિ)
36. બંને શબ્દના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો. (1)
    – માંદા (બીમાર, વંદા, તાકાત)
    – માદા (સ્ત્રીજાત, તંદુરસ્ત, નીરોગી)
37. 'આપણી બબલીની જ પગલી જાણે !' વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. (1)
    (સજીવારોપણ અલંકાર, વ્યતિરેક અલંકાર, યમક અલંકાર)
38. 'ઓળખાણ' શબ્દમાં કયો પ્રત્યય લાગેલો છે ? (1)
    (પર પ્રત્યય, પૂર્વ પ્રત્યય, એક પણ નહીં)
39. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. (1)
    – નિંદા (ઊંઘ, નીંદવું, વગોવણી)
    – કૂપ (કૂવો, કાપવું, નાળચું)
40. 'બાજરો' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. (1)
    (ભાવવાચક સંજ્ઞા, વ્યક્તિવાચક સંજ્ઞા, દ્રવ્યવાચક સંજ્ઞા)

નિષ્ફળ થવાની સ્વતંત્રતા વિના વાસ્તવિક સ્વતંત્રતા મળી જ ન શકે. **– એરિક હાફર**

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

41. નીચેના રૂઢિપ્રયોગનો અર્થ જણાવો. (1)
    – કંઠે પ્રાણ આવવા.
42. નીચે આપેલ કહેવતનો અર્થ લખો. (1)
    – બાવાનાં બેય બગડવાં
43. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (1)
    – માણસની અવરજવર વિનાનું
44. નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો (1)
    – શુષ્ક
45. નીચેના વાક્યને કર્મણિમાં ફેરવો. (1)
    – નિશીથ નિયમિત પ્રાર્થના કરે છે.
46. નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ આપો. (1)
    – લગણ
47. નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. (1)
    – હર્ષિદાબહેન સુંદર અક્ષરે નિબંધ લખે છે.
48. નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. (1)
    – સુરેશભાઈ કૃતિ સમજાવતાં સમજાવતાં વ્યાકરણ શીખવે છે.
49. ‘વિદ્યાર્થી’ શબ્દના ધ્વનિઘટકો છૂટા પાડો. (સ્વર-વ્યંજન છૂટા પાડો.) (1)
50. નીચેના વાક્યનું પ્રેરક વાક્યમાં રૂપાંતર કરો. (1)
    – બાબુભાઈ ટાઈમટેબલ બનાવે છે.
51. નીચેની પંક્તિમાંનો છંદ ઓળખાવો. (1)
    – રોમે રોમે વિરહ ભયની વેદનાથી બળે છે.
52. જે છંદના પહેલા અને ત્રીજા ચરણની 13-13 માત્રા તથા બીજા અને ચોથા ચરણની 11-11 માત્રા હોય તે છંદનું નામ જણાવો. (1)

## વિભાગ - D [20]

53. **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** **(04)**

દેવડીએ દંડાય છે ચોર મુઠ્ઠી જારના,
ને લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે.

**અથવા**

ન રાખ આશ કદી કોઈ પાસ
કરી શકે કોણ પછી તને નિરાશ ?

54. **તમારી શાળામાં યોજાયેલ ‘સ્વચ્છતા અભિયાન’ અંગેનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.** **([04)**
55. **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **(04)**

“સોનું એ શી ચીજ છે ? એ કાંઈ અનાજ નથી કે ખાઈને પેટ ભરાય. એ કાંઈ ફૂલ નથી કે સૂંઘીને મન પ્રસન્ન થાય; એ કાંઈ ફળ નથી કે એના રસથી ધરાઈએ; એ કાંઈ ઊન કે રેશમ નથી કે એનાં કપડાં બનાવી શરીરનું રક્ષણ કરીએ, એ કાંઈ લાકડું કે લોઢું નથી કે એમાંથી નિત્ય વ્યવહારની અનેક વસ્તુઓ તૈયાર કરી લઈએ. અરે ! એ તમાકુ કે અફીણ પણ નથી કે જેના કેફમાં દુનિયાનું દુ:ખ ભૂલી જઈએ. એ ઝેર નથી એમ કહેવાય ? માણસના વ્યવહારમાં દાખલ થઈ એ પરસ્પર વિશ્વાસ, પ્રેમ અને આદર નષ્ટ કરે છે. માણસની ધર્મબુદ્ધિનો એ નાશ કરે છે. પવિત્રમાં પવિત્ર સંબંધ પણ એક ક્ષણમાં એ તોડે છે અને એ ‘નશાની ચીજ’ નથી. એમ પણ કહેવાય ? એનો નશો તો માણસનું આખું જીવન બગાડી દે છે. મોટાં મોટાં રાષ્ટ્રોને એ સ્વાતંત્ર્યનાશક તેમજ અન્યાયમૂલક પ્રવૃત્તિમાં ઉતારે છે. સોનું એ મોટામાં મોટો અનર્થ છે.”

**– કાકાસાહેબ કાલેલકર**

56. **ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **(8)**

(1) **પુરુષાર્થ એ જ પ્રારબ્ધ**
(**મુદ્દા :** પ્રસ્તાવના – પરિશ્રમનો મહિમા – પરિશ્રમના ફાયદા – પરિશ્રમનું ફળ – ઉપસંહાર)

**અથવા**

(2) **આધુનિક યુગનું મહાદૂષણ : પ્રદૂષણ**
(**મુદ્દા :** પ્રસ્તાવના – પ્રદૂષણ એટલે શું ? વિવિધ પ્રકારનાં પ્રદૂષણો – પ્રદૂષણથી માનવજીવન પર અસર – પ્રકૃતિ પર અસર – ઉપસંહાર)

**અથવા**

(3) **મારું વતન – પ્યારું વતન**
(**મુદ્દા :** પ્રસ્તાવના – વતનની વિશેષતા – વતનપ્રેમનાં સંસ્મરણો – ઉપસંહાર)

---

સ્વતંત્રતા પરમાત્માનો જ ગુણ છે. **– લોકમાન્ય તિલક**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
### શૈક્ષણિક વર્ષ - 2025-26
### ધોરણ-12 - વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા) (001) (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ)
### અભ્યાસક્રમનું માસવાર આયોજન

| ક્રમ | માસ | પ્રકરણ નંબર | પ્રકરણનું નામ | અંદાજિત તાસ |
|---|---|---|---|---|
| 1. | જૂન | 1<br>2<br>3<br>4 | અખિલ બ્રહ્માંડમાં<br>ખીજડિયે ટેકરે<br>દમયંતી સ્વયંવર<br>સત્યાગ્રહાશ્રમ<br>● વ્યાકરણ<br>● અર્થગ્રહણ (પદ્યાર્થ)<br>● લેખન (અરજી) | 03<br>04<br>04<br>04<br>01<br>02<br>01 |
| 2. | જુલાઈ | 5<br>6<br>7<br>8 | રામબાણ<br>ઉછીનું માગનારાઓ<br>શ્યામ રંગ સમીપે<br>અમરનાથની યાત્રાએ<br>● વ્યાકરણ<br>● અર્થગ્રહણ(ગદ્યાર્થ)<br>● લેખન (વાદાત્મક ગદ્ય, ભાવાત્મક ગદ્ય) | 03<br>04<br>03<br>04<br>05<br>02<br>(3+3)=06 |
| 3. | ઑગસ્ટ | 9<br>10<br>11 | ભવના અબોલા<br>યુધિષ્ઠિર યુદ્ધવિષાદ<br>ઊર્મિલા<br>● વ્યાકરણ<br>● અર્થગ્રહણ (સંક્ષેપ)<br>● લેખન (નિબંધ) | 03<br>05<br>04<br>04<br>02<br>04 |
| 4. | સપ્ટેમ્બર | 12<br>13<br>14 | સૌજન્યશીલ પ્રભાશંકર<br>મા'ત્માના માણસ<br>છેલ્લું દર્શન (આસ્વાદ)<br>● વ્યાકરણ<br>● અર્થગ્રહણ (કાળકથન રીતિનો ગદ્ય) | 04<br>04<br>03<br>04<br>02 |
| 5. | ઑક્ટોબર | 15<br>16<br>17<br>26 | જુઓ<br>સેલ્વી પંકજમ્<br>પથ્થર થરથરે ધ્રૂજે<br>વૈશ્વિક ગ્રંથ 'શ્રીમદ્ ભગવદ્ગીતા' | 03<br>04<br>02<br>03 |
| 6. | નવેમ્બર | 18<br>19<br>20 | આંસુભીનો ઉજાસ<br>ઈશ્વર સર્વવ્યાપી<br>બા એકલાં જીવે...<br>● વ્યાકરણ<br>● અર્થગ્રહણ (પદ્યાર્થ)<br>● લેખન (અરજી) | 04<br>04<br>03<br>05<br>03<br>02 |
| 7. | ડિસેમ્બર | 21<br>22<br>23<br>24 | અનુરુદ્ધનો ગૃહત્યાગ<br>ભાણી<br>સમતા બંધુતાના પથદર્શક<br>માર્ગ સલામતી : કોના માટે, કેવી રીતે ?<br>● વ્યાકરણ<br>● અર્થગ્રહણ (ગદ્યાર્થ)<br>● લેખન (વાદાત્મક ગદ્ય, ભાવાત્મક ગદ્ય) | 04<br>03<br>04<br>03<br>03<br>03<br>(3+3)=06 |
| 8. | જાન્યુઆરી | 25<br>27 | શરત<br>ભારતીય શાશ્વત મૂલ્યો અને ગીતા<br>● વ્યાકરણ<br>● અર્થગ્રહણ (સંક્ષેપ, કાળકથન રીતિનો ગદ્ય)<br>● લેખન (નિબંધ) | 04<br>04<br>02<br>(3+2)=05<br>02 |
| 9. | ફેબ્રુઆરી | | પુનરાવર્તન | |

આઝાદી-નાદ લઈને, લઈને નવીન આશા,
આવ્યો ત્રિરંગી ઝંડો, એક ઈન્કિલાબ લઈને ! — **રતિલાલ 'અનિલ'**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ - 2025-26**

**ધોરણ-12**

**ગુજરાતી (પ્રથમ ભાષા) (001) (સામાન્ય પ્રવાહ)**

**વાર્ષિક પરીક્ષા**

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** કુલ ગુણ : 100

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

## હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન(K) | સમજ(U) | ઉપયોજન(A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| કુલ ગુણ | 24 | 27 | 33 | 03 | 13 | 100 |
| ટકા% | 24% | 27% | 33% | 03% | 13% | 100% |

## પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો – (O) | 41 | 49 | 30 |
| 2. | અતિ ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 20 | 21 | 20 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA) | 06 | 08 | 12 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 06 | 06 | 28 |
| 5. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 01 | 01 | 10 |
| | **પ્રશ્નોની કુલ સંખ્યા** | **74** | **85** | **100** |

## વિભાગ પ્રમાણે ગુણભાર :

| ક્રમ | વિભાગનું નામ | વિભાગદીઠ ગુણ |
|---|---|---|
| 1. | વિભાગ-A પદ્ય | 20 |
| 2. | વિભાગ-B ગદ્ય | 20 |
| 3. | વિભાગ-C વ્યાકરણ | 20 |
| 4. | વિભાગ-D અર્થગ્રહણ | 20 |
| 5. | વિભાગ-E લેખનસજ્જતા | 20 |
| | કુલ ગુણ | **100** |

ફરક ફરક તું મુક્ત હવામાં, ઝંડા, ઊડ તું ઊંચે વ્યોમ;
અમ મસ્તક પર રહે ફરકતો, જ્યાં લગી નભમાં સૂરજ-સોમ ! — કવિ 'સ્નેહરશ્મિ'

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12

## ગુજરાતી (પ્રથમ ભાષા) (001) (સામાન્ય પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 100

| પ્રશ્ન ક્રમ | વિભાગ-A પદ્ય આધારિત પ્રશ્નોની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 3 | આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખવાના રહેશે.<br>કાવ્યના વિષયવસ્તુ અને હાર્દ આધારિત પ્રશ્નો પૂછવાના રહેશે. | 03 |
| 4 થી 6 | આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ હેતુલક્ષી ઉત્તર આપવાના રહેશે.<br>કવિ પરિચય, કાવ્યકૃતિ સ્વરૂપ, પુસ્તક સંદર્ભને ધ્યાનમાં લેવાનું રહેશે. | 03 |
| 7 થી 10 | આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખવાના રહેશે.<br>કાવ્યકૃતિના વિષયવસ્તુને ધ્યાનમાં રાખી પ્રશ્નો પૂછવાના રહેશે. | 04 |
| 11 થી 14 | આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખવાના રહેશે. **(કોઈપણ ત્રણ)**<br>કાવ્યના વિષયવસ્તુને ધ્યાનમાં રાખી તેના આધારે પૂછવાનું રહેશે. | 06 |
| 15 | આપેલ પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખવાનો રહેશે. એક પ્રશ્ન વિકલ્પમાં આપવો.<br>કાવ્યકૃતિમાં વિષયવસ્તુની સમીક્ષા થાય એ દૃષ્ટિએ વિષયવસ્તુના હાર્દને<br>ધ્યાનમાં રાખીને પ્રશ્નો પૂછવાના રહેશે | 04 |

### વિભાગ-B (ગદ્ય)

| પ્રશ્ન ક્રમ | વિભાગ-B ગદ્ય આધારિત પ્રશ્નોની વિગત | ગુણ |
|---|---|---|
| 16 થી 18 | આપેલા બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખવાના રહેશે. | 03 |
| 19 થી 21 | આપેલ પ્રશ્નોના માગ્યા મુજબ હેતુલક્ષી ઉત્તર આપવાના રહેશે.<br>લેખક પરિચય, ગદ્યસ્વરૂપ, કૃતિ, પુસ્તક અને સંદર્ભને ધ્યાનમાં લેવાનું રહેશે. | 03 |
| 22 થી 25 | આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખવાના રહેશે.<br>ગદ્યકૃતિના વિષયવસ્તુને ધ્યાનમાં રાખી પૂછવાનું રહેશે. | 04 |
| 26 થી 29 | આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખવાના રહેશે. **(કોઈપણ ત્રણ)**<br>ગદ્યકૃતિના વિષયવસ્તુને ધ્યાનમાં રાખી તેના આધારે પૂછવાનું રહેશે. | 06 |
| 30 | આપેલ પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખવાનો રહેશે. એક પ્રશ્ન વિકલ્પમાં આપવો.<br>ગદ્યકૃતિના વિષયવસ્તુને ધ્યાનમાં રાખી તેની સમીક્ષા થાય એ દૃષ્ટિએ વિષયવસ્તુના<br>હાર્દને ધ્યાનમાં રાખી પ્રશ્નો પૂછવાના રહેશે. | 04 |

અમે જ ખોઈ હતી, હવે એ અમે મેળવી સ્વતંત્રતા,
પ્રેમશૌર્યથી મનુકૂલ સુહવી, અમે પૂજશું સ્વતંત્રતા ! **– હસિત બૂચ**

## વિભાગ-C વ્યાકરણ

| પ્રશ્ન ક્રમ | વિભાગ-C વ્યાકરણ આધારિત પ્રશ્નોની વિગત | ગુણ |
|---|---|---|
| **31 થી 35** | નીચે આપેલ શબ્દોને સમાન અર્થરૂપે સામ-સામે જોડીને (ત્રણેય શબ્દો) લખવાના રહેશે. **(કોઈપણ 04) (દરેક પ્રશ્નનો 1/2 ગુણ રહેશે.)**<br>● પાઠ્યપુસ્તકની ગદ્ય-પદ્ય કૃતિઓમાંથી પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ તત્સમ, તદ્‌ભવ જેવા વિવિધ પ્રકારના શબ્દો પસંદ કરી મૂકવાના રહેશે. | **02** |
| **36 થી 40** | નીચે આપેલ વાક્યમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી વાક્ય લખવાના રહેશે. **(કોઈપણ 04) (દરેક પ્રશ્નનો 1/2 ગુણ રહેશે.)**<br>● પાઠ્યપુસ્તકની ગદ્ય-પદ્ય કૃતિઓમાંથી પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ તત્સમ્, તદ્‌ભવ તેમજ પૂર્વ પ્રત્યય દ્વારા થતાં વિરોધી શબ્દો તેના અર્થ સંદર્ભો મળી રહે તે રીતે શોધી પાઠ્યપુસ્તકનાં જ વાક્યોનો ઉપયોગ કરી પ્રશ્નો પૂછવાના રહેશે. | **02** |
| **41 થી 45** | નીચે આપેલ શબ્દસમૂહ માટે એક શબ્દ લખવાનો રહેશે. **(કોઈપણ 04) (દરેક પ્રશ્નનો 1/2 ગુણ રહેશે.)**<br>● પાઠ્યપુસ્તકની પદ્ય-ગદ્ય કૃતિઓમાંથી વિષયવસ્તુના અર્થો, સંદર્ભો તેનું નાવીન્ય, સંવેદના પ્રગટ કરતા વિવિધ પ્રકારના શબ્દો શોધીને મૂકવાના રહેશે. | **02** |
| **46 થી 47** | નીચે આપેલા તળપદા શબ્દોના શિષ્ટ માન્ય ભાષાના અર્થો વિચારીને લખવાના રહેશે. **(દરેક પ્રશ્નનો 1/2 ગુણ રહેશે.)**<br>● પાઠ્યપુસ્તકની ગદ્ય-પદ્ય કૃતિઓમાંથી લોકબોલી અને વ્યવહારમાં વપરાતાં જનપદી, તળલોક જીવનના ગામઠી, પ્રાદેશિક, દશ્ય શબ્દોના માન્ય ભાષાના શિષ્ટ અર્થ લખવાના રહેશે. | **01** |
| **48 થી 50** | નીચે આપેલ શબ્દોની જોડણી સુધારી સાચી જોડણી લખવાની રહેશે. **(કોઈપણ 02) (દરેક પ્રશ્નનો 1/2 ગુણ રહેશે.)**<br>● પાઠ્યપુસ્તકની પદ્ય-ગદ્ય કૃતિઓ આધારિત જોડણીના નિયમોને પ્રગટ કરતાં અથવા શબ્દો પસંદ કરવાના રહેશે. | **01** |
| **51 થી 57** | નીચેના પ્રશ્નોના ઉત્તર કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે લખવાના રહેશે. **(કોઈપણ 06) (દરેકનો 1/2 ગુણ રહેશે.)**<br>● વાક્યમાંથી વિશેષણ શોધી લખવાનું રહેશે.<br>● વાક્યની ખાલીજગ્યામાં પાઠ્યપુસ્તક આધારિત વિશેષણ લખવાનું રહેશે.<br>● વાક્યમાંથી નિપાત શોધી લખવાનો રહેશે.<br>● વાક્યની ખાલીજગ્યામાં પાઠ્યપુસ્તક આધારિત નિપાત લખવાનો રહેશે.<br>● વાક્યમાંથી કૃદંત શોધી લખવાનું રહેશે.<br>● વાક્યની ખાલીજગ્યામાં પાઠ્યપુસ્તક આધારિત કૃદંત લખવાનું રહેશે.<br>● આપેલ વાક્યનો કૃદંત પ્રકાર વિચારીને લખવાનો રહેશે.<br>(સમગ્ર પાઠ્યપુસ્તકનાં વાક્યોનો જ ઉપયોગ કરવો તેમજ વાક્યો ફરીથી ઉત્તરમાં લખવાના રહેશે.) | **03** |

દેશને આઝાદ કરવા જે વીંધાણા ગોળીએ,
એ શહીદોનાં બલિદાનો સ્મરણમાં લાવજો. – **જી. બી. પટેલ ('સૌમ્ય')**

| | | |
|---|---|---|
| **58 થી 60** | નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરવાનો રહેશે. (દરેક રૂઢિપ્રયોગનો 01 ગુણ રહેશે) **(કોઈપણ 02)** **(અર્થનો 1/2 ગુણ અને વાક્યનો 1/2 ગુણ રહેશે.)**<br>● પાઠ્યપુસ્તકની ગદ્ય-પદ્ય કૃતિઓમાંથી રૂઢિપ્રયોગો પસંદ કરી પૂછવાના રહેશે.) | **02** |
| **61 થી 64** | નીચે આપેલ વાક્યમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે માગ્યા પ્રમાણે ઉત્તર લખો. **(કોઈપણ ત્રણ)**<br>● આપેલ વાક્ય લેખનરૂઢિની દૃષ્ટિએ સુધારી લખવાનું રહેશે.<br>● આપેલ વાક્યમાં ભાષાશુદ્ધિ, વિરામચિહ્ન વગેરે સુધારવાના રહેશે.<br>● આપેલ વાક્યમાં પદક્રમ અને પદસંવાદ રૂપે સુધારી લખવાનું રહેશે.<br>● આપેલ વાક્યમાં ખોટો પ્રત્યય વપરાયો છે ત્યાં પ્રત્યય સુધારી વાક્ય ફરીથી લખવાનું રહેશે.<br>(લેખનરૂઢિ, ભાષાશુદ્ધિ, પદક્રમ, પદસંવાદ અને પ્રત્યય સુધારાનાં વાક્યો પાઠ્યપુસ્તકમાંથી જ પસંદ કરવાના રહેશે.) | **03** |
| **65 થી 67** | નીચે આપેલ સંયુક્ત-સંકુલ વાક્યોને સાદાં વાક્યોમાં ફેરવી ફરીથી લખવાના રહેશે. **(કોઈપણ 02) (દરેકનો 01 ગુણ રહેશે)**<br>● પાઠ્યપુસ્તક આધારિત ગદ્યકૃતિઓ તેમજ પદ્યકૃતિઓમાંથી મૌલિક વાક્યો બનાવી પ્રશ્નરૂપે પૂછી શકાશે. | **02** |
| **68 થી 70** | નીચે આપેલ સાદાં વાક્યોને સંયુક્ત-સંકુલ વાક્યોમાં ફેરવી ફરીથી લખવાના રહેશે.<br>**(કોઈપણ 02) (દરેક પ્રશ્નનો 01 ગુણ રહેશે)**<br>● પાઠ્યપુસ્તક આધારિત ગદ્ય કૃતિઓ તેમજ પદ્ય કૃતિઓમાંથી મૌલિક વાક્યો બનાવી પ્રશ્નરૂપે પૂછી શકાશે. | **02** |

## વિભાગ-D અર્થગ્રહણ

| પ્રશ્ન ક્રમ | **વિભાગ-D અર્થગ્રહણ આધારિત પ્રશ્નોની વિગત** | ગુણ |
|---|---|---|
| **71 થી 75** | નીચે આપેલ પાઠ્યેત્તર પદ્યના આધારે આપેલ પ્રશ્નોના એક-બે વાક્યોમાં સમજી-વિચારીને ઉત્તર લખવાના રહેશે. **(દરેક પ્રશ્નનો 01 ગુણ રહેશે.)**<br>● પાઠ્યપુસ્તકમાં વર્તમાન સમયમાં અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ન હોય તેવી અપઠિત કોઈપણ ઊર્મિભાવને પ્રગટ કરતી, જીવનસંદેશ વ્યક્ત કરતી કાવ્યરચના પૂછવાની રહેશે.<br>● જેમાંથી પાંચ જ પ્રશ્ન પૂછવાના રહેશે. | **05** |
| **76 થી 80** | નીચે આપેલ પાઠ્યેતર ગદ્યના આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યોમાં લખવાના રહેશે. **(દરેક પ્રશ્નનો 01 ગુણ રહેશે)**<br>● પાઠ્યપુસ્તકમાં વર્તમાન સમયમાં અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ન હોય તેવી અપઠિત કોઈપણ સાહિત્ય, ચિંતન, ધર્મ, સંસ્કૃતિ, સભ્યતા, શિક્ષણ, પ્રેરણાત્મક બાબતો જેવા કોઈ એક વિષય પર સિત્તેરથી-એંશી શબ્દોમાં ગદ્યખંડ પૂછવાનો રહેશે. જેમાંથી પાંચ જ પ્રશ્નો પૂછવાના રહેશે. | **05** |

વિચાર અને કાર્યની સ્વતંત્રતા જ જીવન, ઉન્નતિ અને કુશળ ક્ષેમનું એકમાત્ર સાધન છે. **– સ્વામી વિવેકાનંદ**

| | | |
|---|---|---|
| 81 | નીચે આપેલ પાઠ્યેતર ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને ઉચિત, યોગ્ય અને બંધબેસતું શીર્ષક આપવાનું રહેશે.<br>● પાઠ્યપુસ્તકમાં વર્તમાન સમયમાં અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ન હોય તેવી અપઠિત કોઈપણ સાહિત્ય, ચિંતન, ધર્મ, સંસ્કૃતિ, સભ્યતા, શિક્ષણ, પ્રેરણાત્મક બાબતો જેવા કોઈ એક વિષય પર સિત્તેરથી એંશી શબ્દોમાં ગદ્યખંડ પૂછવાનો રહેશે. | 05 |
| 82 | નીચે આપેલ ગદ્યખંડને કાળકથન રીતિ પ્રમાણે વિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખવાનો રહેશે.<br>● પાઠ્યપુસ્તક આધારિત ગદ્યકૃતિઓ જે (સ્વ અધ્યયન સિવાયની) અભ્યાસમાં છે. તેમાંથી જ ગદ્ય લેવાનો છે. જેમાં પાત્રનું મનોમંથન, વિચારસંકલન જેવી બાબતો ધ્યાનમાં લેવાની છે. | 05 |

## વિભાગ-E લેખનસજ્જતા

| પ્રશ્ન ક્રમ | વિભાગ-E લેખનસજ્જતા આધારિત પ્રશ્નોની વિગત | ગુણ |
|---|---|---|
| 83 | નીચે આપેલ પ્રશ્નમાં દર્શાવેલ વિષય પ્રમાણે એકસો શબ્દોમાં માગ્યા મુજબ અરજી લખવાની રહેશે.<br>● અરજીમાં વ્યક્તિગત નામ, સરનામું, ફોન નંબર વગેરે દર્શાવવાના નથી, પરંતુ તારીખ અનિવાર્ય દર્શાવવાની રહેશે.<br>● તા.ક. ....., બિડાણ / જોડાણ વગેરે યથોચિત દર્શાવવાના રહેશે. | 05 |
| 84 | નીચે આપેલ પાઠ્યેતર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરવાનું રહેશે.<br>● વર્તમાન સમયમાં ક્યાંય અભ્યાસમાં ન હોય તેવા, સામાન્ય ચર્ચા કરી દાખલા, દલીલ, તાર્કિક બાબતો પ્રગટ કરી શકાય તેવો ગદ્યખંડ પૂછવાનો રહેશે.<br>**અથવા**<br>● નીચે આપેલ શબ્દયાદીનો ઉપયોગ કરીને સિત્તેરથી-એંશી શબ્દોમાં ભાવાત્મક ગદ્ય લખવાનો રહેશે.<br>● નોંધાત્મક ગદ્ય પાઠ્યેતર વર્તમાન સમયમાં ક્યાંય અભ્યાસમાં ન હોય તેવા કોઈપણ આનુષંગિક વિષયનો પૂછી શકાશે. | 05 |
| 85 | નીચે આપેલ કોઈપણ એક વિષય પર આશરે 250 શબ્દોમાં મૌલિક નિબંધ લખવાનો રહેશે. **(ત્રણ વિકલ્પ આપવાના રહેશે)**<br>● નિબંધ પાઠ્યપુસ્તકનો આનુષંગિક વર્તમાન પ્રવાહો, સમસ્યાઓ, કલ્પના આધારિત, પ્રકૃતિ, ચિંતન વગેરે જેવા કોઈપણ વિષયને પૂછી શકાશે.<br>● નિબંધમાં મૌલિકતા, ભાષાશુદ્ધિ, લેખનકૌશલ્ય વગેરેને ધ્યાનમાં લેવાના રહેશે. | 10 |

આવવું ન આશ્રમે, મળે નહિ સ્વતંત્રતા ! જંપવું નથી લગીર જો નહિ સ્વતંત્રતા !
સ્નેહ, સૌખ્ય સૌ હરામ, ના મળે સ્વતંત્રતા ! જીવવું મર્યા સમાન, ના યદિ સ્વતંત્રતા ! **– કૃષ્ણલાલ શ્રીધરાણી**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12

## ગુજરાતી (પ્રથમ ભાષા) (001) (સામાન્ય પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **નમૂનાનું પ્રશ્નપત્ર** કુલ ગુણ : 100

**સૂચનાઓ :**

1. આ પ્રશ્નપત્રમાં A, B, C, D, E પાંચ વિભાગમાં વહેંચાયેલું છે.
2. પ્રશ્નના પ્રકાર પ્રમાણે વિકલ્પ આપેલ છે.
3. જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
4. ભાષાશુદ્ધિ, લખાણની મૌલિકતાને ગુણ પ્રાધાન્ય આપવામાં આવશે.

### વિભાગ - A (પદ્ય આધારિત)

- **નીચે આપેલા પ્રશ્નોમાં સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[03]**

1. સમગ્ર બ્રહ્માંડમાં કોણ વ્યાપેલું છે ?
   (A) માણસો (B) ઈશ્વર (C) સંતો-ભક્તો (D) ગ્રંથ
2. નાયિકાએ શેનું આંધણ મેલ્યું છે ?
   (A) કંસાર (B) દાળ (C) શિરો (D) દૂધ
3. ઓલિયાના ન્યાયને તમે કેવો કહેશો ?
   (A) ખોટો (B) તટસ્થ (C) સાચો (D) ગેરવાજબી

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[03]**

4. 'રામબાણ' કાવ્યનું સાહિત્યસ્વરૂપ જણાવો.
5. 'છેલ્લું દર્શન' કાવ્યના કવિનું ઉપનામ જણાવો.
6. 'ભાણી' કયા કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[04]**

7. 'ગોપી' શેની બિંદી લગાવવાની ના પાડે છે ?
8. કવિએ નગરને કોની ઉપમા આપી છે ?
9. બાનું હેત (વ્હાલ) કેવું છે ?
10. ભાણીએ કપડાં ધોવાનો કયો સમય પસંદ કર્યો છે ?

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (પ્રત્યેકના 2 ગુણ)** **[06]**

11. 'સોનું તો આખરે સોનું જ છે' એમ શાથી કહી શકાય ?
12. નાયિકાને શા-શા દુઃખ વેઠવા પડે છે ?
13. 'શક્યતાના દ્વાર ખખડાવવા' એટલે શું ?
14. 'ધમાલ' શબ્દ દ્વારા કઈ મનોદશા પ્રગટે છે ? શા માટે ?

- **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)** **[04]**

15. ઊર્મિલાનું ચરિત્રચિત્રણ કરો.

**અથવા**

15. 'દમયંતી સ્વયંવર' આખ્યાનખંડની કથાવસ્તુ તમારા શબ્દોમાં લખો.

### વિભાગ - B (ગદ્ય આધારિત)

- **નીચે આપેલ પ્રશ્નોમાં સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[03]**

16. ગુરુને કોની ઉપમા આપવામાં આવે છે ?
    (A) વિષ્ણુ (B) શક્તિ (C) શિવ (D) પરબ્રહ્મ
17. હીરાને શાનો શોખ હતો ?
    (A) કપડાંનો (B) ઘરેણાંનો (C) રાષ્ટ્રપ્રેમનો (D) ખાવાનો

જય જવાન, જય કિસાન. – **લાલબહાદુર શાસ્ત્રી**
જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન. – **અટલબિહારી વાજપેયી**

18. ડૉ. બાબાસાહેબ આંબેડકર 'જીવનની તત્ત્વત્રયી' કોને માને છે ?
(A) અસ્પૃશ્યતા નાબૂદી (B) સમાજસુધારણા ચળવળ
(C) રાષ્ટ્રપ્રેમ (D) સ્વતંત્રતા, સમાનતા, બંધુતા

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[03]**

19. 'ઉછીનું માંગનારાઓ' ગદ્યખંડ કયા પુસ્તકમાંથી લેવામાં આવેલો છે ?
20. 'સૌજન્યશીલ પ્રભાશંકર' ગદ્યના લેખકનું નામ જણાવો.
21. 'શરત' વાર્તાના મૂળ લેખક કોણ છે ?

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[04]**

22. અમરનાથ યાત્રામાં વહી જતી શેષ નદીને લેખિકાએ કોની સાથે સરખાવી છે ?
23. વાર્તાનાયક શા હેતુથી ગાંધીગ્રામમાં આવેલા ?
24. 'શ્રીમદ્ ભગવદ્ગીતા' કયા ત્રિવિધ દુઃખોમાંથી મુક્તિ અપાવે છે ?
25. અનુરુદ્ધને 'નથી' શબ્દના અર્થની ખબર ક્યારે પડી ?

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (પ્રત્યેકના 2 ગુણ)** **[06]**

26. અમરનાથ યાત્રામાં લેખિકાને કયા કયા અનુભવો થયા ?
27. ગોળમેજી પરિષદના ભાષણ પછી ડૉ.આંબેડકર વિશે કેવો ખ્યાલ ઊભો થયો ?
28. માર્ગઅકસ્માત નિવારવા કયા કયા ચેતવણીદર્શક સંકેતો ઉપયોગમાં લેવાય છે ?
29. વસુધામાં કેળવણી પામેલ યુવાનોએ કેવાં કેવાં કાર્યો કરવાના છે ?

- **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ પણ એક)** **[04]**

30. 'યુદ્ધિષ્ઠિર યુદ્ધવિષાદ' ગદ્યમાં યુધિષ્ઠિરનો વિષાદ આલેખો.

**અથવા**

30. 'ખીજડિયે ટેકરે' શીર્ષક ચર્ચો.

## વિભાગ - C (વ્યાકરણ આધારિત)

- **નીચેના સમાનાર્થી શબ્દો સામસામે જોડીને લખો.** (કોઈપણ ચાર) (પ્રત્યેકનો 1/2 ગુણ) **[02]**

31. સલામતી – મિત્ર – અબળા
32. નારી – વેળુ – પૃથ્વી
33. ગોઠિયો – સુરક્ષા – સિકતા
34. વસુધા – સ્ત્રી – ભાઈબંધ
35. રેતી – ધરતી – સુરક્ષિત

- **નીચેના વાક્યોમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી, વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી લખો. (કોઈપણ ચાર) (પ્રત્યેકનો 1/2 ગુણ)** **[02]**

36. ગામનાં ડાહ્યા લોકો ન્યાય તોળે છે.
37. સેલ્વી નિર્દોષ હતી.
38. શક્યતાના દ્વાર ખખડાવી જુઓ.
39. પટ્ટણીના પ્રયત્નથી ભાવનગરની જીત થઈ.
40. વનમાં જવાનો વિચાર યોગ્ય છે.

- **નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ લખો.** (કોઈપણ ચાર) (પ્રત્યેકનો 1/2 ગુણ) **[02]**

41. પોતાના સંબંધી જ્ઞાન, આત્માનો સાક્ષાત્કાર કરનારું જ્ઞાન
42. રાખવા માટે એકલું પાણી પહેલેથી જ તપવા માટે મૂકાય છે તે
43. ખાધેલું મોંમાં ફરીથી ચાવવું તે
44. વારે વારે યાદ કરવું તે
45. ગિરિ (પર્વત)ને ધારણ કરનાર

- **નીચેના તળપદા શબ્દોના શિષ્ટ ભાષાના માન્ય અર્થ લખો.** (પ્રત્યેકનો 1/2 ગુણ) **[01]**

46. સમંદર
47. વાંધા

- **નીચેના શબ્દોની સાચી જોડણી લખો.** (કોઈપણ બે) (પ્રત્યેકનો 1/2 ગુણ) **[01]**

48. વિભુતી
49. પરીચિત
50. ચીંથરૂ

સહુ ચાલો જીતવા જંગ બ્યૂગલો વાગે,
'યા હોમ' કરીને પડો ફતેહ છે આગે. **– નર્મદ**

- **નીચેના પ્રશ્નોના ઉત્તર કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે લખો. (કોઈપણ છ) (પ્રત્યેકનો 1/2 ગુણ)** **[03]**

51. ભાવ અને વિચારનું અદ્‌ભુત રસાયણ સિદ્ધ થયેલું છે. (વાક્યમાં વિશેષણ શોધો.)
52. પરમેશ્વર સાકર જેવો ......... છે. (ખાલીજગ્યામાં વિશેષણ લખો.)
53. મીઠાંનો ગાંગડો તો દેખાતો નથી. (વાક્યમાંથી નિપાત શોધો.)
54. રેતીની શીશીને ઉલટાવી જુઓ તો ........ (ખાલીજગ્યામાં નિપાત લખો.)
55. સત્યાગ્રહ કરનાર જેલમાં હતાં. (વાક્યમાં કૃદંત શોધો.)
56. ઈશ્વરને ........ બધું જ પામે છે. (વાક્યમાં કૃદંત લખો.)
57. કૂબે પહોંચતાં પટકાણી ભાણી. (વાક્યનો કૃદંત પ્રકાર જણાવો.)

- **નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, તેનો વાક્યમાં પ્રયોગ કરો. (કોઈપણ 2) (પ્રત્યેકનો 1 ગુણ)** **[02]**

58. હાથફેરો કરવો.
59. ચોર કોટવાળને દંડે
60. જાગ્યા ત્યારથી સવાર

- **નીચેના વાક્યોમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (પ્રત્યેકનો 1 ગુણ)** **[03]**

61. 1000 વશમાં તરકો અંતરે ઉદ્‌ભવી રહ્યાં. (વાક્યમાં લેખનરૂઢિ સુધારો)
62. શ્રી પ્રભાશંકર ભાવનગર રાજ્યના દિવાનપદે હતા. (વાક્યમાં ભાષાશુદ્ધિ કરો.)
63. ડોશી રખે માગે પછી ઉછીની આવરદા (વાક્યમાં પદક્રમ ગોઠવો)
64. તમે અસત્યમાં સત્ય માની લીધું છે. (વાક્યમાં પ્રત્યય સુધારો)

- **નીચેના સંયુક્ત કે સંકુલ વાક્યોને સાદાં વાક્યમાં ફેરવીને લખો. (કોઈપણ બે) (પ્રત્યેકનો 1 ગુણ)** **[02]**

65. કશું બોલવાના અત્યારે ભોજાને હામ કે હોશ નહોતા.
66. મારું ધ્યાન બંગાળ અને હિમાલય ભણી ખેંચાયેલું રહેતું.
67. કૌરવો તો મારાં ભાઈઓ, કૌરવો અને અમે હતા પિતરાઈ.

- **નીચેનાં સાદાં વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યમાં ફેરવીને લખો. (કોઈપણ બે) (પ્રત્યેકનો 1 ગુણ)** **[02]**

68. કઠિયારો ઝાડ કાપે તેમાં કઠિયારાનો વાંક, કુહાડીનો ?
69. પ્રભાશંકર સમજતા હતા. ગોળમેજી પરિષદ નિષ્ફળ જવાની છે.
70. ચપ્પુ, ખાંડણી, દસ્તો ક્યાંક મૂકાઈ ગયેલ હોય છે.

## વિભાગ - D (અર્થગ્રહણ)

- **નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[05]**

આ છેલ્લી યાચના આપ પાસે,
મારા ઊંડા છેક અંતઃસ્થલેથી
છેદી નાખો ક્ષીણતા સર્વ મારી
પૂરા જોરે ખડ્‌ગ ઝીંકી, પ્રભુજી !
સુખોને ય જીરવી જાણવાની
શક્તિ દેજો દુઃખમાં એવી કે
દુઃખો મારાં શાંત મોંએ હસીને
પોતે પોતાની જ પામે ઉપેક્ષા.
શક્તિ દેજે ભક્તિની નાથ એવી
જેણે મારાં કર્મ સાફલ્ય પામે.
જેણે મારાં દુન્યવી સ્નેહ-પ્રેમ
મહેંકી ઊઠે પુણ્યનાં પોયણાં શા.
કંગાલોને જ્ઞાનપીણાં કરું ના,
જાલિમોને પાય ઝૂકી પડું ના,
ઊંચે માથે ક્ષુદ્રતાની વચાળે
ચાલુ એવી શક્તિ આપો, પ્રભુજી !
શક્તિ દેજો આપને પાય નામી
પોતાને હું સ્થિર રાખું સદૈવ.

**– ઝવેરચંદ મેઘાણી**

**પ્રશ્નો :**

71. કવિ ક્ષીણતાને કેવી રીતે છેદી નાખવાનું કહે છે ?
72. કવિ દુઃખમાં કેવી શક્તિ માંગે છે ? શા માટે ?
73. કવિએ ભક્તિની શક્તિ શા માટે માગી છે ?
74. કંગાલો અને જાલિમો સાથે કવિ કેવી રીતે વર્તવા ઇચ્છે છે ?
75. કવિ પ્રભુ પાસે છેલ્લી યાચના શી કરે છે ?

સ્વતંત્રતા ! તું ભારતે રહેજે વિપદકાળે અને સુખ સંપદે,
ધર્મવીરો પણ તને રક્ષી રહે નિર્ભય મને નિશ્ચલ વ્રતે. **– મકરંદ દવે**

- **નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[05]**

"પ્રજાજીવનમાં કોઈ સંસ્થાને આધીન ને ગુણલક્ષી નેતૃત્વની આવશ્યક્તા છે કેમ કે, સંસ્થાની મર્યાદાનું બંધન હોય તો તેનું તેજસ્વી વ્યક્તિત્વ કલ્યાણકારી બને. મહાન શક્તિશાળી નેતાઓએ પણ પોતાની મર્યાદાથી સભાન રહેવું જોઈએ અને વ્યક્તિવાદને સમર્થન ન આપવું જોઈએ. અનુયાયીઓએ પણ કેવળ અંધશ્રદ્ધા કે વ્યક્તિપૂજાથી પોતાના નેતાને પૂર્ણાતિપૂર્ણ માની લેવાની ભૂલ ન કરવી જોઈએ. કેમ કે, સમર્થમાં સમર્થ વ્યક્તિ પણ કોઈને કોઈ ક્ષેત્રમાં પામર હોય છે. પ્રજાજીવનમાં ગુણહીન વંશલક્ષી મહાનતાને દેશવટો આપી, ગુણલક્ષી મહત્તા સ્થાપિત કરવી એ જ પાયાનું કામ છે." **– સ્વામી સચ્ચિદાનંદ**

76. પ્રજાજીવનમાં શેની આવશ્યકતા છે ?
77. કોણે પોતાની મર્યાદાથી સભાન રહેવું જોઈએ ?
78. કોણ પામર હોય છે ?
79. લેખકના મતે કયું પાયાનું કામ છે ?
80. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

- **નીચેના ગદ્યખંડનો ત્રીજા ભાગનો સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[05]**

81. "આપણને ગતિ આપનારું બળ વિચાર છે. મનને ઉચ્ચ વિચારોથી ભરી દો. તેના વિશે રોજેરોજ શ્રવણ કરો. મહિનાઓ સુધી તેનો વિચાર કરો. નિષ્ફળતાની કદી પરવા ન કરો. આ નિષ્ફળતાઓ સાવ સ્વાભાવિક છે. જીવનનું તે સૌંદર્ય છે. તેમના વિના, જીવનનો શો અર્થ છે ? જીવનમાં જો મથામણ ન હોય તો જીવનની કોઈ કિંમત નથી. તો પછી જીવનનું કાવ્ય ક્યાં રહે ? મથામણોની ભૂલોની પરવા ન કરો. નિષ્ફળતાની, આ નાનાં નાનાં પતનોની પરવા ન કરો. ગભરાયા વગર હજાર વાર આદર્શને વળગી રહો અને એક હજાર વાર તમે ભલે નિષ્ફળ જાઓ તોપણ વધુ એક વખત પ્રયાસ કરો. ઈશ્વરનું સર્વત્ર દર્શન કરવું તે માનવીનો આદર્શ છે. પણ જો તમે તેને દરેક વસ્તુમાં દેખી ન શકતા હો તો તમને જે ચીજ સૌથી વધારે ગમતી હોય તેમાં પ્રથમ જુઓ અને પછી અન્યમાં જુઓ. એ રીતે તમે આગળ વધી શકશો." **– સ્વામી વિવેકાનંદ**

- **નીચેના ગદ્યખંડને કાળકથન રીતિ પ્રમાણે વિચાર વિકાસના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો.** **[05]**

82. તે તૈલચિત્ર પોતાના ખર્ચે તૈયાર કરાવી શ્રી પ્રભાશંકર હિંદ લાવેલા. ગાંધીજીએ લાગઠ આઠ દિવસ સુધી એ રીતે પોઝ આપ્યો. ગોળમેજી પરિષદ વખતે શ્રી પ્રભાશંકરે એક બીજું કાર્ય કર્યું. તે એ કે ઈંગ્લૅન્ડના નામી ચિત્રકાર સર ઓસ્વાલ્ડ બિર્લી પાસે ગાંધીજી નિત્ય એક કલાક જઈને સ્થિર ઊભા રહે અને તે ચિત્રકાર તેમનું તૈલચિત્ર તૈયાર કરી આપે. ગાંધીજી કદી ફોટો પડાવવા ઊભા રહેતા નહિ, પણ શ્રી પ્રભાશંકરે ગાંધીજીને એક વિનંતી કરી અને ગાંધીજીએ તે માની.

## વિભાગ - E (લેખનસજ્જતા)

83. **તમારા વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો થયેલ છે તો તેને દૂર કરવા અંગે યોગ્ય અધિકારીશ્રીને અરજી લખો.** **[05]**

- **નીચેના પાઠ્યેતર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો.** **[05]**

84. માણસનું જ્ઞાન એકાંગી હોય તો એનો ઈલાજ શો ? પરંતુ જો સમજે તો કેવું સારું ? શું અમુક બાબતનો વિચાર પોતાની માફક બીજાને કરવાનો હક નથી ? દરેકની દૃષ્ટિ સમાન નથી હોતી. દરેકને પોતપોતાના માટે માનવાનો એટલોયે અધિકાર ન હોય ? આપણે ખોટો હઠાગ્રહ શા માટે કેળવવો ? ઉદારતા એ તંદુરસ્ત મનની અને હઠાગ્રહ એ માંદલા મનની નિશાની છે : છીછરું મન હોય ત્યાં હઠ હોય.

**અથવા**

- **નીચે આપેલ શબ્દયાદીનો ઉપયોગ કરી 'સ્વાશ્રય' વિશે ભાવાત્મક ગદ્ય કરો.**

સ્વાશ્રય-સ્વાવલંબી-પરાધીનતા-કાર્યમાં ચોકસાઈ-નિયમિતતા-તંદુરસ્તી-ધન અને સમયનો બચાવ-સુખમય જીવન-મહાપુરુષોના જીવન-પ્રેરણા

85. **નીચેનામાંથી કોઈ એક વિષય પર આપેલ મુદ્દાઓના આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **[10]**

**ઑનલાઈન થઈ રહેલું વિશ્વ**

**મુદ્દા :** પ્રસ્તાવના – ઈન્ટરનેટની સંકલ્પના – શોધ – ડિજિટલાઈઝેશનના ફાયદા – ગેરફાયદા – વેપાર – રોજગાર – સંચાર – મુશ્કેલી – યુવાનો પર અસર – ઉપસંહાર

**અથવા**

**નારી તું નારાયણી**

**મુદ્દા :** પ્રસ્તાવના – નારી આજની સ્થિતિ – પ્રાચીનકાળમાં નારીનું સ્થાન – ઉપસંહાર

**અથવા**

**પર્યાવરણ અને પ્રદૂષણ :**

**મુદ્દા :** પ્રસ્તાવના – પર્યાવરણ – માનવજરૂરિયાત – પર્યાવરણને વિકૃત કરનારાં પરિબળો – પ્રદૂષણ : વૈશ્વિક સમસ્યા – પ્રદૂષણ નિવારવાના ઉપાય – ઉપસંહાર

સરફરોશી કી તમન્ના અબ હમારે દિલમેં હૈ,
દેખના હૈ જોર કિતના બાઝુ-એ-કાતિલમેં હૈ ! – **'બિસ્મિલ'**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12 ગુજરાતી (FL) (001) (વિજ્ઞાન પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** કુલ ગુણ : 100

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

### હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| PART-A ગુણ | 12 | 24 | 08 | 06 | 00 | 50 |
| PART-B ગુણ | 02 | 11 | 25 | 04 | 08 | 50 |
| કુલ ગુણ | **14** | **35** | **33** | **10** | **08** | **100** |

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર : PART-A

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | હેતુલક્ષી પ્રશ્નો | 50 | 50 |

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર : PART-B

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | જનરલ વિકલ્પ વિના પ્રશ્નોની સંખ્યા | જનરલ વિકલ્પ સાથે પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|---|
| 1. | ટૂંકજવાબી પ્રશ્નો (SA) | 06 | 10 | 12 |
| 2. | લાંબા જવાબી પ્રશ્નો (LA) | 06 | 06 | 28 |
| 3. | નિબંધ પ્રકારના પ્રશ્નો (EA) | 01 | 01 | 10 |
| | કુલ | **13** | **17** | **50** |

### વિભાગ પ્રમાણે ગુણભાર :

| ક્રમ | વિભાગનું નામ | ગુણભાર |
|---|---|---|
| 1. | પદ્ય વિભાગ | 25 |
| 2. | ગદ્ય વિભાગ | 25 |
| 3. | વ્યાકરણ | 10 |
| 4. | અર્થગ્રહણ / લેખનસજ્જતા | 40 |
| | કુલ | **100** |

મનુષ્ય સ્વતંત્રતા-પ્રિય છે. કોઈપણ પ્રકારની ગુલામીને તે સહી શકતો નથી. – **સરદાર પૂર્ણસિંહ**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12

## ગુજરાતી (પ્રથમ ભાષા) (001) (વિજ્ઞાન પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** કુલ ગુણ : 100

નોંધ : પ્રશ્નપત્ર બે ભાગમાં વહેંચાયેલું રહેશે. PART-A અને PART-B એમ બંને વિભાગો 50-50 ગુણના રહેશે. કુલ 100 ગુણનું પ્રશ્નપત્ર રહેશે.

## PART-A

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નોની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 15 | આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખવાના રહેશે. કાવ્યના વિષયવસ્તુ અને હાર્દ આધારિત પ્રશ્નો પૂછવાના રહેશે. | 15 |
| 16 થી 30 | આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખવાના રહેશે. ગદ્યકૃતિના વિષયવસ્તુ અને હાર્દ આધારિત પ્રશ્નો પૂછવાના રહેશે. | 15 |
| 31 થી 40 | આપેલા બહુ વિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખવાના રહેશે. પાઠ્યપુસ્તક આધારિત વ્યાકરણ અંગેના પ્રશ્ન પૂછવાના રહેશે. | 10 |
| 41 થી 45 | આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખવાના રહેશે. પાઠ્યેત્તર કાવ્યકૃતિ મૂકી તેના પરથી પ્રશ્નો પૂછવાના રહેશે. | 05 |
| 46 થી 50 | આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખવાનો રહેશે. અપઠિત ગદ્યકૃતિ મૂકી તેના પરથી પ્રશ્નો પૂછવાના રહેશે. | 05 |

## PART-B

### વિભાગ-A (પદ્ય આધારિત પ્રશ્નોની વિગત)

| પ્રશ્ન ક્રમ | | ગુણ |
|---|---|---|
| 1 થી 5 | બે-ત્રણ વાક્યમાં ટૂંકમાં ઉત્તર આપી શકાય તેવા પાંચ પ્રશ્નો પૂછવાના રહેશે. તેમાંથી કોઈપણ ત્રણના ઉત્તર આપવાના રહેશે. | 06 |
| 6 | સવિસ્તૃત ઉત્તર આપી શકાય તેવા બે પ્રશ્નો પૂછવાના રહેશે. તેમાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપવાનો રહેશે. | 04 |

સ્વતંત્રતા ક્યારેય ભીખ માગવાથી મળી શકતી નથી.
તેને બળપૂર્વક જ મેળવવી પડે છે. તેની કિંમત લોહી છે. **– સુભાષચંદ્ર બોઝ**

## વિભાગ-B (ગદ્ય આધારિત પ્રશ્નોની વિગત)

| પ્રશ્ન ક્રમ | | ગુણ |
|---|---|---|
| 7 થી 11 | બે-ત્રણ વાક્યમાં ટૂંકમાં ઉત્તર આપી શકાય તેવા પાંચ પ્રશ્નો પૂછવાના રહેશે. તેમાંથી કોઈપણ ત્રણના ઉત્તર આપવાના રહેશે. | 06 |
| 12 | આપેલ પ્રશ્નનો સવિસ્તૃત ઉત્તર આપવાનો રહેશે. બે પ્રશ્નમાંથી એક પ્રશ્નનો જવાબ આપવાનો રહેશે. | 04 |

## વિભાગ-C (અર્થગ્રહણ લેખનકૌશલ્ય)

| | | |
|---|---|---|
| 13 | આપેલ વિષય પર અરજી લખવાની રહેશે. અરજીમાં નામ, સરનામું, ફોન નંબર દર્શાવવાના નથી, પરંતુ તારીખ અને બિડાણ અવશ્ય બતાવવાના રહેશે. | 05 |
| 14 | આપેલ પાઠ્યેતર (અપઠિત) ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી શીર્ષક આપવાનું રહેશે. | 05 |
| 15 | નીચે આપેલ ગદ્યખંડને કાળકથન રીતિ પ્રમાણે વિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખવાનો રહેશે. પાઠ્યપુસ્તક આધારિત ગદ્યકૃતિ (સ્વ-અધ્યયન સિવાયની)માંથી જ ગદ્યખંડ લેવાનો રહેશે. જેમાં પાત્રનું મનોમંથન, વિચાર-સંકલ્પના જેવી બાબતો ધ્યાનમાં લેવાની છે. | 05 |
| 16 | નીચે આપેલા કોઈપણ એક વિષય પર આશરે 250 શબ્દોમાં મૌલિક નિબંધ લખવાનો રહેશે. (ત્રણ વિકલ્પ આપવાના રહેશે)<br>વર્તમાન પ્રવાહો, સમસ્યાઓ, કલ્પના આધારિત, પ્રાકૃતિક અને ચિંતનાત્મક જેવા વિષયો પૂછી શકાય. | 10 |
| 17 | નીચે આપેલ પાઠ્યેતર ગદ્યખંડનું વાદાત્મક અર્થમાં રૂપાંતર કરવાનું રહેશે. વર્તમાન સમયમાં ન હોય તેવા સામાન્ય ચર્ચા કરી દાખલા, દલીલ, તાર્કિક બાબતો પ્રગટ કરી શકાય તેવો ગદ્યખંડ પૂછવાનો રહેશે.<br>**અથવા**<br>નીચે આપેલ શબ્દયાદીનો ઉપયોગ કરીને એંસી (80) શબ્દોમાં (અંદાજિત) ભાવાત્મક ગદ્ય લખવાનો રહેશે. પાઠ્યેત્તર વર્તમાન સમયમાં અભ્યાસમાં ન હોય તેવા કોઈપણ આનુષંગિક વિષયનો ગદ્યખંડ પૂછવાનો રહેશે. | 05 |

"હું કાગડા-કૂતરાના મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના પાછો ફરીશ નહીં." — **ગાંધીજી**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ - 2025-26**

**ધોરણ-12**

**ગુજરાતી (પ્રથમ ભાષા) (001) (વિજ્ઞાન પ્રવાહ)**

**વાર્ષિક પરીક્ષા**

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 100

| ક્રમ | વિભાગનું નામ | | ગુણભાર |
|---|---|---|---|
| 1. | પદ્ય આધારિત કૃતિઓ | | 25 |
| 2. | ગદ્ય આધારિત કૃતિઓ | | 25 |
| 3. | **વ્યાકરણ આધારિત મુદ્દાઓ :** | | 10 |
| | • સમાનાર્થી | 2 ગુણ | |
| | • વિશેષણ | 1 ગુણ | |
| | • વિરુદ્ધાર્થી | 1 ગુણ | |
| | • શબ્દસમૂહ | 1 ગુણ | |
| | • રૂઢિપ્રયોગ | 1 ગુણ | |
| | • તળપદા શબ્દ | 1 ગુણ | |
| | • કૃદંત | 1 ગુણ | |
| | • નિપાત | 1 ગુણ | |
| | • પદક્રમ–પદસંવાદ | 1 ગુણ | |
| | **અર્થગ્રહણ–કૌશલ્ય સમાવિષ્ટ મુદ્દાઓ :** | | 40 |
| | • અરજીલેખન | 05 ગુણ | |
| | • સંક્ષેપીકરણ | 05 ગુણ | |
| | • નિબંધલેખન | 10 ગુણ | |
| | • વિચારવિકાસના ક્રમ પ્રમાણે ફકરો | 05 ગુણ | |
| | • ભાવાત્મક–વાદાત્મક | 05 ગુણ | |
| | • ગદ્યાર્થગ્રહણ | 05 ગુણ | |
| | • પદ્યાર્થગ્રહણ | 05 ગુણ | |
| | | **કુલ ગુણ** | **100** |

"સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે, હું તે લઈને જ જંપીશ." — **લોકમાન્ય તિલક**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ - 2025-26**

**ધોરણ-12**

**ગુજરાતી (પ્રથમ ભાષા) (001) (વિજ્ઞાન પ્રવાહ)**

**વાર્ષિક પરીક્ષા**

**નમૂનાનું પ્રશ્નપત્ર**

સમય : 3 કલાક | કુલ ગુણ : 100

**સૂચનાઓ :**
(1) નીચે આપેલા 1 થી 50 હેતુલક્ષી પ્રશ્નો ફરજિયાત છે.
(2) નીચે આપેલા 1 થી 50 હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. દરેક પ્રશ્નનો 01 ગુણ છે.
(3) આપને અલગથી આપેલ OMR પત્રકમાં જે-તે પ્રશ્ન નંબર સામે (A) ○, (B) ○, (C) ○, (D) ○ આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પમાં દર્શાવેલ ○ (વર્તુળ)ને OMR પત્રકમાં પેનથી પૂર્ણ ● ઘટ્ટ કરવાનું રહેશે.
(4) એક પ્રશ્નમાં એકથી વધુ વર્તુળ ઘટ્ટ ● કરવું નહીં.

## PART - A

સમય : 1 કલાક | કુલ ગુણ : 50

• **નીચેના હેતુલક્ષી પ્રશ્નોના સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[50]**

**1.** ગુજરાતી ભાષાના 'આદિકવિ' તરીકે કોણ ઓળખાય છે ?
(A) નરસિંહ મહેતા (B) મીરાંબાઈ (C) દયારામ (D) પ્રેમાનંદ

**2.** મિલન અને વિયોગનું સાક્ષી કોણ રહ્યું છે ?
(A) માટી (B) અગ્નિ (C) પાણી (D) વાયુ

**3.** કળિયુગે ગળામાં શેની માળા પહેરી હતી ?
(A) મોતીઓની (B) હીરાની (C) મનુષ્યના માથાની (D) રૂદ્રાક્ષની

4. ચારેય દેવોએ નળરાજાને શું આપ્યું ?
(A) શાપ (B) વરદાન (C) ધન (D) ઝવેરાત

5. 'રામબાણ' કાવ્યનું સ્વરૂપ જણાવો.
(A) પદ (B) ગરબી (C) ગીત (D) ઊર્મિકાવ્ય

6. કવિએ નગરને કોની ઉપમા આપી છે ?
(A) સ્ત્રી (B) બાળક (C) માણસ (D) કાચબો

7. ગોપી આંખમાં શું લગાવવાની ના પાડે છે ?
(A) સુરમો (B) રંગ (C) ઘી (D) કાજળ

8. કોની વાણીને શુકનમાં લાવવાની ગોપી ના પાડે છે ?
(A) મોર (B) કાગડો (C) બપૈયો (D) કોયલ

9. લોકગીતની નાયિકાની વેદના કોની સાથે સરખાવવામાં આવી છે ?
(A) કાચના કમાડ (B) કાગળનો સંદેશો
(C) સમડીને સંબોધન (D) દૂધનું આંધણ

10. લક્ષ્મણની વનમાં જવાની વાત સાંભળી ઊર્મિલા કેવી બની જાય છે ?
(A) વિવશ (B) ઉદ્વિગ્ન (C) બ્હાવરી (D) આકુળવ્યાકુળ

"તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા." – **સુભાષચંદ્ર બોઝ**

11. ઉર્મિલાના હૃદયમાં કેવી શક્તિ છે ?
(A) તૂટતા આકાશને ઝીલવાની (B) ચિંતાનો ભાર સહન કરવાની
(C) વિપત્તિનો સ્વીકાર કરવાની (D) પતિપરાયણ થઈ રહેવાની

12. ગામની ભાગોળે લોકો શા માટે એકઠા થયા હતા ?
(A) સંતની વાણી સાંભળવા (B) અબળા સ્ત્રીનો ઉદ્ધાર કરવા
(C) સત્ય વાત સમજાવવા (D) કુલટા સ્ત્રીનો ન્યાય કરવા

13. અકસ્માત નિવારવા શાનો ઉપયોગ જરૂરી છે ?
(A) સંકેતો (B) સાઈડ જોવી
(C) દૂરથી જોવું (D) વાહન વ્યવસ્થિત રાખવું

14. દેવરાજ મેરુપર જઈ શું કરવા ઇચ્છતો હતો ?
(A) ખેતી કરવા (B) કુટુંબને મળવા (C) મજૂરી કરવા (D) નંદનવન બનાવવા

15. બાના ઘરમાં કોણ પહેરો ભરે છે ?
(A) સુનકાર અને સન્નાટો (B) નિસાસો
(C) જીવતરનું ગભરામણ (D) બાનો ઝૂરાપો

16. 'ખીજડિયે ટેકરે' ગદ્યનું સાહિત્ય સ્વરૂપ જણાવો.
(A) નવલકથા ખંડ (B) નિબંધ (C) લોકવાર્તા (D) નવલિકા

17. ગાંધીજીના કોચરબ આશ્રમનું મુખ્ય ધ્યેય શું હતું ?
(A) વિશ્વહિત અવિરોધી દેશસેવા (B) વિશ્વવિરોધી અહિત સેવા
(C) વિશ્વઅહિત સેવા (D) વિશ્વહિત વિરોધી સેવા

18. ગુરુને કોની ઉપમા આપવામાં આવી છે ?
(A) વિષ્ણુ (B) શક્તિ (C) શિવ (D) પરબ્રહ્મ

19, ઉછીનું માંગનારની નજર કેવી હોય છે ?
(A) વરુ જેવી (B) સિંહ જેવી (C) ગીધ જેવી (D) સમડી જેવી

20. વિશાળ વડના ઝાડ નીચે શાનો વર્ગ ભરાયેલો છે ?
(A) પ્રાચીન શિક્ષણ (B) શાળાશિક્ષણ (C) મૂલ્યશિક્ષણ (D) ધર્મશિક્ષણ

21. 'અમરનાથની યાત્રા' ગદ્ય લેખિકાનું નામ જણાવો.
(A) કુન્દનિકા કાપડિયા (B) વિનોદિની નીલકંઠ
(C) ધીરુબેન પટેલ (D) ઈવા ડેવ

22. જીવવું અને મરવું એ કોના હાથની વાત છે ?
(A) ઈશ્વરના હાથની (B) ડૉક્ટરના હાથની
(C) માણસના હાથની (D) ભાગ્યના હાથની

23. યુધિષ્ઠિરને કોની સાથે લડવું હતું ?
(A) કૌરવોની સામે (B) કૃષ્ણની સામે
(C) દુર્યોધનની અભિમાની વૃત્તિ સામે (D) દુઃશાસન સામે

24. અનુરુદ્ધ અને મિત્રો કઈ રમતમાં લીન થઈ ગયા હતા ?
(A) કબડ્ડી (B) લખોટી (C) ક્રિકેટ (D) અંતાક્ષરી

25. પ્રભાશંકર પટણીએ કયો કરાર રદ કરાવ્યો ?
(A) મજદૂર કરાર (B) રાજકરનો કરાર
(C) બદરી કરાર (D) અહિંસક ચળવળ

26. 'શ્રીમદ્ ભગવદ્ગીતા' નિત્ય અને શાશ્વત કોને ગણાવે છે ?
(A) દેહ (B) આત્મા (C) પ્રાણ (D) ચેતના

27. ડૉ. બાબા સાહેબ આંબેડકર કોને જીવનની તત્ત્વત્રયી માને છે ?
(A) અસ્પૃશ્યતા નાબૂદી (B) સમાજસુધારણા ચળવળ
(C) રાષ્ટ્રપ્રેમ (D) સ્વતંત્રતા, સમાનતા, બંધુતા

તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી,
મુરદાં મસાણેથી જાગતાં - એવી શબ્દમાં શી સુધા ભરી. **– ઝવેરચંદ મેઘાણી**

28. સેલ્વી પંકજમે કયા શબ્દોથી નાયકનું સ્વાગત કર્યું ?
(A) કેમ છો ? (B) પધારો ! પધારો !
(C) આવો ! આવો ! (D) અરે ! આવ્યા !

29. કવિએ ભાણીને કોની ઉપમા આપી છે ?
(A) રાંકની રાણી (B) સુંદરી (C) અનુપમ (D) દારિદ્રયવાન

30. બેંકમાલિક કેટલું જોખમ ઉઠાવવા તૈયાર થયો ?
(A) દસ લાખ (B) પંદર લાખ (C) વીસ લાખ (D) પાંચ લાખ

31. 'આકાશ' શબ્દ માટે સાચો સમાનાર્થી શોધો.
(A) અંતરિક્ષ (B) નભ (C) પય (D) અવકાશ

32. 'ભાંજગડ' શબ્દનો કયો શબ્દ સમાનાર્થી નથી ? તે શોધો.
(A) તકરાર (B) પંચાત (C) માથાકુટ (D) મસલત

33. આપેલ વાક્યમાંથી વિશેષણ શોધો – નદીને કાંઠે અસંખ્ય ફૂલ ખીલી ઊઠ્યાં હતાં.
(A) નદીને (B) અસંખ્ય (C) ઊઠ્યાં (D) ખીલી

34. 'ધિક્કાર' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.
(A) સ્વીકાર (B) સત્કાર (C) આવકાર (D) સ્વાગત

35. પોતાના સંબંધી જ્ઞાન, આત્માનું જ્ઞાન કરાવે તે : શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.
(A) આત્મજ્ઞાની (B) આધ્યાત્મવાદી (C) રહસ્યવાદી (D) તત્ત્વજ્ઞાની

36. 'હવાઈ કિલ્લા બાંધવા' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.
(A) ખોટી વાતો કરવી (B) વહેમ કરવો (C) હવામાં કિલ્લો રચવો (D) કલ્પનાઓ કરવી

37. 'વંત્યાક' તળપદા શબ્દનો શિષ્ટ અર્થ શોધો.
(A) રીંગણ (B) વાતો (C) વર્તન (D) વંઠેલ

38. 'મોરધ્વજ રાજાનું મન હરી લીધું'. – વાક્યમાં કૃદંત શોધો.
(A) રાજાનું (B) લીધું (C) મન (D) હરી

39. 'યુદ્ધ માટે તો હું જ કૂદંકૂદા કરતી હતી.' વાક્યમાં નિપાત શોધો.
(A) માટે (B) તો (C) કરતી (D) જ

40. નીચેનામાંથી પદક્રમ–પદસંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય શોધો.
(A) મોગરાની મીઠી મહેંક વાતાવરણમાં પ્રસરતી મેં અનુભવી
(B) મેં વાતાવરણમાં મીઠી મોગરાની મહેંક પ્રસરતી અનુભવી
(C) વાતાવરણમાં મોગરાની મેં મીઠી મહેંક પ્રસરતી અનુભવી
(D) મેં મોગરાની મીઠી મહેંક પ્રસરતી વાતાવરણમાં અનુભવી

- **નીચેનું કાવ્ય વાંચી, તેના આધારે નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર શોધો.**

રચો રચો, અંબરચુંબી, મંદિરો,
ઊંચા ચણો મહેલ, ચણો મિનારા !
મઢો સ્ફટિકે, લટકાવો ઝૂમ્મરો,
રંગે ઉડાવો જળના ફૂવારા !
રચો રચો, ચંદન વાટિકાઓ
ઊંડા તળાવો નવરંગ ઘુમ્મટો
ને કૈંક ક્રીડાંગણ, ચંદ્રશાળા
રચો ભલે ! અંતરરૂંધતી શિલા
એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે ?
દરિદ્રની એ ઉપહાસલીલા
સંકેલવા, કોટિક જીભ ફેલતો
ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેરની ભસ્મકણી ન લાધશે !

**– ઉમાશંકર જોશી**

મુક્તિ વિનાનું જીવવું શાનું ? મુક્તિ વિના શાં બીજાં ગાન ?
મુક્તિને કારણ સર્વ સહીશું, સ્વાતંત્ર્યથી શું સૌખ્ય મહાન ? **– કૃષ્ણલાલ શ્રીધરાણી**

41. આ કાવ્યમાં કોની વાત કરવામાં આવી છે ?

(A) દારિદ્રની (B) ખંડેરની (C) રચવાની (D) ફૂવારાની

42. નીચેનામાંથી કયું ક્રિયાપદ કાવ્યમાં વપરાયું નથી ?

(A) સાંખશે (B) પામશે (C) લાધશે (D) જાગશે

43. 'આકાશ' માટેનો કયો શબ્દ કાવ્યમાં વપરાયો છે ?

(A) સ્ફટિક (B) અંબર (C) નવરંગ (D) શિલા

44. ક્રીડાંગણ એટલે શું ?

(A) શાળા (B) સમરાંગણ (C) શિક્ષકગણ (D) રમતનું મેદાન

45. 'ઉપહાસ' શબ્દનો અર્થ શોધો.

(A) મજાક (B) ઉપવાસ (C) અલ્પાહાર (D) ફળાહાર

- **નીચેના ગદ્યખંડને વાંચી તેના આધારે તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો શોધો.**

"પુસ્તકાલય એ માનવસંસ્કૃતિનું એક અભિવાજ્ય અંગ છે. એક જ જગ્યાએ અનેક વિષયોનાં પુસ્તકો એકઠાં કરવાનો સૌથી પ્રથમ જેણે વિચાર કર્યો હશે તેણે પૈડું શોધવા જેવું મહાભારતકાર્ય કર્યું હશે. જે કામ પૈડાંએ માનવ સંસ્કૃતિ અને ટૅક્નોલૉજીના વિકાસ માટે કર્યું છે, તે કામ પુસ્તકાલયે માનવસંસ્કારના વિકાસ માટે કર્યું છે. અહીં હું સંસ્કૃતિ એટલે માણસની બહારની દુનિયાના વિકાસ અને સંસ્કાર એટલે માણસની પોતાની અંદરની દુનિયાનો વિકાસ-એ અર્થમાં આ બે શબ્દનો પ્રયોગ કરું છું. માણસે કુદરતને ભલે માત કરી, ભલે તેણે ભૌતિક વિકાસનાં નવાં નવાં શિખરો સર કર્યા, પણ સાથે એનું હૃદય ન વિકસે તો દેશ-દેશમાં હિટલર જેવા નરરાક્ષસો ફૂટી નીકળે. જે કામ વ્યાયામશાળા શરીર માટે કરે છે, તે કામ પુસ્તકાલય હૃદય અને બુદ્ધિ માટે કરે છે."

(46) પુસ્તકાલય શેનું અવિભાજ્ય અંગ છે ?

(A) માનવસભ્યતાનું (B) માનવસંસ્કૃતિનું
(C) માનવ મનોજગતનું (D) માનવસંસ્કારનું

(47) પુસ્તકાલય માણસ માટે કયું કામ કરે છે ?

(A) હૃદય અને બુદ્ધિ માટે (B) મન અને શરીર માટે
(C) બળ અને બુદ્ધિ માટે D) ભાવ અને લાગણી માટે

(48) લેખક સંસ્કારનો શો અર્થ આપે છે ?

(A) માણસની અંદરની દુનિયાનો વિકાસ (B) માણસના મનોજગતનો વિકાસ
(C) માણસના ભાવજગતનો વિકાસ (D) માણસની બહારની દુનિયાનો વિકાસ

(49) વ્યાયામશાળા શેના માટે કામ કરે છે ?

(A) મન માટે (B) બુદ્ધિ માટે
(C) શરીર માટે (D) હૃદય માટે

(50) 'વ્યાયામ' એટલે શું ?

(A) કસરત (B) કૂદવું
(C) દોડવું (D) હલવું

---

હર એક હિંદી હિંદ છે, હર એક હિંદી હિંદની છે જિંદગી,
હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ : એ સ્વાતંત્ર્યદિનની બંદગી. — **ઉમાશંકર જોશી**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2025-26
## ધોરણ-12 : ગુજરાતી (પ્રથમ ભાષા) (001) (વિજ્ઞાન પ્રવાહ)

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

## PART - B

### વિભાગ-A (પદ્ય આધારિત)

- **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **[06]**

(1) બીજ અને વૃક્ષનો કાર્યકારણ સંબંધ નરસિંહ શી રીતે સમજાવે છે ?

(2) ગોપી શ્યામ રંગની કઈ કઈ વસ્તુઓમાં કપટનો ભાવ જુએ છે ?

(3) 'ભવના અબોલા' લોકગીતની નાયિકા કોની સાથે સંદેશો મોકલે છે ? શા માટે ?

(4) ઓલિયાએ ગ્રામજનોને શું કહ્યું ? તેનું શું પરિણામ આવ્યું ?

(5) કાળરૂપી કુહાડીએ કેવી પરિસ્થિતિ સર્જી છે ?

- **નીચેના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર લખો. (કોઈપણ એક)** **[04]**

(6) 'દમયંતી સ્વયંવર' આખ્યાનખંડમાં પ્રેમાનંદે રજૂ કરેલ કડવાની કથા તમારા શબ્દોમાં લખો.

**અથવા**

(6) 'ભાણી' કાવ્યમાં પ્રગટેલી આર્થિક સામાજિક વિષમતા ચર્ચો.

### વિભાગ-B (ગદ્ય આધારિત)

- **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **[06]**

(7) ગાંધીજીના આશ્રમમાં કયા કયા વ્રતોનું પાલન થતું હતું ?

(8) લોકો કઈ કઈ વસ્તુઓ ઉછીની માગે છે ?

(9) હરઘનના મેદાનમાંથી વહેતી શેષ નદી લેખિકાને કેવી લાગે છે ?

(10) લોકમત બ્રિટિશ વિરૂદ્ધ ચળવળમાં કેમ પરિણમ્યો ?

(11) હીરાએ ઝાપટ મારી મણિભાઈને કયું સત્ય સમજાવ્યું ?

- **નીચેના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તરો લખો. (કોઈપણ એક)** **[04]**

(12) 'શરત' ગદ્યના શીર્ષકની યથાર્થતા ચર્ચો

**અથવા**

(12) 'યુદ્ધિષ્ઠિર યુદ્ધવિષાદ' નાટકના અંતની ચર્ચા કરો.

### વિભાગ-C (અર્થગ્રહણ અને લેખનકૌશલ્ય)

**(13) શ્રી સરસ્વતી વિદ્યાલય, રાજકોટના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ગુજરાતી વિષયની ખાલી પડેલી જગ્યા માટે ઉમેદવારી નોંધાવતી અરજી લખો.** **[05]**

"જે સ્વતંત્ર છે એ જ બીજાને સ્વતંત્રતા આપી શકે છે." — **શ્રી અરવિંદ ઘોષ**

**(14) નીચેના ગદ્યખંડને વાંચી, તેનો ત્રીજા ભાગનો સંક્ષેપ કરીને યોગ્ય શીર્ષક આપો.** **[05]**

"આજે આપણને આપણી પોતાની પ્રગતિ પ્રત્યે અહો અહો થઈ રહ્યું છે. જોતજોતામાં કેટલું વિજ્ઞાન ખેડાયું છે અને ખેડાતું જાય છે. પંદર મિનિટમાં ભયંકર ઉલ્કાપાત મચાવી શકાય તેટલે સુધી વિજ્ઞાનનો વિકાસ થશે એવા ભણકારા વાગે છે. પુરાણોએ ભગવાનનો મહિમા ગાતાં કહ્યું છે કે, "તેની ભ્રૂકુટિના વિલાસમાત્રથી બ્રહ્માંડનો પ્રલય થાય છે." આ સિદ્ધિ તો માણસના હાથમાં આવવા લાગી છે. ચંદ્ર અને મંગળ તેમ જ ગુરુ તથા શનિ સાથે એ સંપર્ક સાધવાની કળા વૈજ્ઞાનિક શોધી કાઢશે એવી એને ઉમેદ આવી છે. ભોગ, સિદ્ધિ અને રોગોના ઈલાજો શોધાઈ રહ્યા છે. હિંસા કરવાના અને તેની સાથે બચવાના પણ નવા નવા માર્ગો ખોળાય છે, પણ રોગ, ઘસારો અને અહિંસાને જીવનમાં સ્થાન જ ન મળે, ને પોતાને લાગે, ને બીજાને પહોંચે, એવી જાતના જીવનના નિયમોને શોધવા અને તેને અનુકૂળ સંસ્કૃતિને ખીલવવાની બુદ્ધિ હજી શોધાઈ નથી."

**(15) નીચેના ગદ્યખંડને કાળકથન રીતિ પ્રમાણે વિચાર-વિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખો.** **[05]**

'આયો ભઈલા ?' આય હાય... કેવો થઈ ગયો છે ! એ બધું બાનું કામ. ભલી હશે તો ચૉક લગી દોડી આવવાની ઝટપટ ઘુમટાથી આંખો લૂછીને પાણીનો લોટો ભરી લાવશે. એવો ચળકચળક કરતો પિત્તળનો લોટો. ને એમાં ભરેલું ઠંડુ પાણી ! એની બાના હાથે ઉટકાયેલો ચોખ્ખોચણક લોટો ! બા તો તરત જ ઠેઠ પરસાળના ઉંમરા લગી, સોનું તે શી ચીજ છે, માણસ બીજું શું માગે આ દુનિયામાં ? કેટલીક આંખો આંસુ ભરી દેશે.

**(16) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **[10]**

**(1) યૌવન એટલે જીવનની વસંત**

**મુદ્દા :** પ્રસ્તાવના – કુદરતની અનેક ઋતુઓમાં વસંતનું મહત્ત્વ – કુદરતમાં પ્રતિવર્ષ વસંત – માનવ જીવનમાં અનેકવાર – યૌવન ક્રાંતિકારી – લાગણીઓનો ઉશ્કેરાટ – મોજશોખ, આનંદ – જીવનમાં સનાતન મૂલ્યોની સમજ – સર્જનાત્મક પ્રવૃત્તિ – સમાજપયોગી કાર્યો – દેશવિકાસનાં કાર્યો – ઉપસંહાર

**અથવા**

**(2) પ્રદૂષણ – એક સાર્વત્રિક સમસ્યા**

**મુદ્દા :** પ્રસ્તાવના – ઔદ્યોગિક ક્રાંતિની અસરો – વસ્તીવિસ્ફોટની અસરો – અણુશસ્ત્રોની આંધળી દોટ – અખતરાની અસરો – મોજશોખમાંથી પેદા થતું પ્રદૂષણ – પ્રદૂષણ ઘટાડવાના ઉપાયો – ઉપસંહાર

**અથવા**

**(3) સમાજમાં કન્યાકેળવણીનું મહત્ત્વ**

**મુદ્દા :** પ્રસ્તાવના – કેળવે તે કેળવણી – અભણ સ્ત્રીને પડતી મુશ્કેલીનું નિવારણ – આકસ્મિક સંજોગોમાં કેળવણી આશીર્વાદરૂપ – બૌદ્ધિક વિકાસ – કુટુંબસંચાલનમાં મદદરૂપ – પોતાના સંતાનના વિકાસમાં યોગ્ય ફાળો – ઇંદિરા ગાંધી, કલ્પના ચાવલા જેવી સફળ સ્ત્રીઓનાં દૃષ્ટાંતો – વિકાસશીલ સમાજ – ઉપસંહાર

**(17) નીચેના ગદ્યાંશને વાદાત્મક ગદ્ય સ્વરૂપે ફરીથી લખો.** **[05]**

માણસનું જ્ઞાન એકાંગી હોય તો એનો ઈલાજ શો ? પરંતુ જો સમજે તો કેવું સારું ? શું અમુક બાબતનો વિચાર પોતાની માફક બીજાને કરવાનો હક નથી ? દરેકની દૃષ્ટિ સમાન નથી હોતી. દરેકને પોતપોતાનો મત માનવાનો એટલોયે અધિકાર ન હોય ? આપણે ખોટો હઠાગ્રહ શા માટે કેળવવો ? ઉદારતા એ તંદુરસ્ત મનની અને હઠાગ્રહ એ માંદલા મનની નિશાની છે. છીછરું મન હોય ત્યાં હઠ હોય.

**અથવા**

**(17) નીચે આપેલ શબ્દ યાદીનો ઉપયોગ કરી ભાવાત્મક ગદ્ય લખો.**

**પરોપકાર**

**મુદ્દા :** ઈશ્વરનું સર્જન – કુદરતી યોજના – જીવનવ્યવહાર – જીવનમૂલ્યો – વૃત્તિ – વિવિધ સ્વરૂપો માનવ, પ્રાણી, વૃક્ષો – સમૃદ્ધિ – મર્યાદા – પરોપકારીપણું આવશ્યકતા.

---

વિજયી વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઊંચા રહે હમારા !
સદા શક્તિ સરસાનેવાલા, પ્રેમસુધા બરસાનેવાલા ! **કવિ – શ્યામલાલ ગુપ્તા**

# હર ઘર તિરંગા અભિયાન : બોલતી તસવીરો

ભારતના ત્રિરંગા રાષ્ટ્રધ્વજ પ્રત્યે જાગૃતિ વધે અને દેશ પ્રત્યેની ભક્તિભાવના ઉજાગર થાય તેવા હેતુથી ભારતના 79મા સ્વાતંત્ર્ય પર્વે તા. 02 ઑગસ્ટ થી 15 ઑગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાન સંપન્ન થયું. ગુજરાતના વિવિધ જિલ્લાઓની શાળાઓમાં જે કાર્યક્રમો યોજાયા તેની ઝલક નીચેની તસવીરોમાં દૃશ્યમાન થાય છે.




આદર્શ નિવાસી શાળા (કુમાર), રાજપીપળા-નાંદોદ (નર્મદા)



મુરલીધર વિદ્યાલય, સંતરામપુર (મહીસાગર)



શ્રી લાલબહાદુર શાસ્ત્રી વિદ્યામંદિર, પ્રેમપરા, (જૂનાગઢ)




શ્રી સ્વામીનારાયણ હાઈસ્કૂલ, લાલોડા-ઈડર (સાબરકાંઠા)



જનકલ્યાણ ઉ.બુ. વિદ્યાલય, હાંડિયા (ખેડા)



શ્રીમતી એન. જી. મહેતા સ્કૂલ (મોરબી)

RNI No. GUJGUJ2011/46203 Govt. of India, New Delhi. Dated 06-11-2012, Posted at SRO Gandhinagar STG Office
SSPOs Gandhinagar No. L1/RNP-RENEWAL/G-GNR 297/2024 Dt. 08-10-2024/06-11-2024. Valid Up to 31-12-2027
Licence to Post without Pre-Payment No. PMG/NG/096/2025-2027, Valid up to 31-12-2027
Printed and Posted on 28th of Each Month. (Annual Subscription Rs. 200/-) Licence valid up to 31-12-2027.

# 5 સપ્ટેમ્બર, શિક્ષકદિનનું મહત્ત્વ

આપણા દેશમાં પ્રત્યેક વર્ષે પાંચમી સપ્ટેમ્બરે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ની યાદમાં 'શિક્ષકદિન'ની ઉજવણી કરવામાં આવે છે. ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ, જાણીતા કેળવણીકાર, વિશ્વશિક્ષક, મહાન ચિંતક - ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌નો જન્મદિવસ 'શિક્ષકદિન' તરીકે ભારે ઉમંગ અને ઉત્સાહથી દરેક શાળા-કૉલેજોમાં ઉજવાય છે.

"મારો જન્મ તો મારા માતા-પિતાને આભારી છે, પરંતુ મારું જીવન તો મારા શિક્ષકને આભારી છે." એવું એલેકઝાન્ડરે કહ્યું છે. જીવનમાં સંસ્કારમૂલ્યો, ચારિત્ર્ય, સુટેવો તથા કૌશલ્યોનું સિંચન શિક્ષક દ્વારા જ થતું હોય છે. શિક્ષક એક કુશળ શિલ્પીની જેમ બાળકોનું ઘડતર કરે છે. ભોળા અને નિર્દોષ બાળકોને શિક્ષા-દીક્ષાના સંસ્કાર આપી મહાન બનાવનાર તેના શિક્ષક જ છે.

શિક્ષકના હાથે જ કોઈ કલાકાર તો કોઈ ચિત્રકાર, કોઈ કવિ-લેખક તો કોઈ ચિંતક, કોઈ વૈજ્ઞાનિક તો કોઈ ડૉક્ટર, કોઈ સમાજસેવક તો કોઈ સાહિત્યકારનું નિર્માણ થાય છે. તેના હાથ નીચે હજારો બાળકો નીતિ, નિયમ, નિષ્ઠા અને નિયમિતતાનો, પ્રેમ, પરોપકાર અને પ્રામાણિકતાનો, ઉદારતા અને માનવતાનો સ્પર્શ પામે છે. માનવચેતનાને જગાડી તેમાં સંસ્કારોનું સિંચન તો શિક્ષક જ કરી શકે. શિક્ષકોના સંસ્કાર સિંચન દ્વારા જ સંસ્કૃતિ ટકે છે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ જન્મજાત તલસ્પર્શી, આજીવન શિક્ષકના જીવ હતા. તેઓએ માત્ર ભારતમાં જ નહિ, વિલાયતમાં ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ જેવી યુનિવર્સિટીમાં અનેક વિદ્યાર્થીઓને તૈયાર કર્યા હતા. તેમને ભારતીય સંસ્કૃતિ અતિ પ્રિય હતી. જ્યારે તેઓ ભારતના રાષ્ટ્રપતિ થયા ત્યારે લોકોએ તેમના જન્મદિન - પાંચમી સપ્ટેમ્બરને 'શિક્ષકદિન' તરીકે ઉજવવાની ઇચ્છા વ્યક્ત કરી. દેશવાસીઓની ઉત્કટ ઇચ્છા આગળ તેઓએ તેની સંમતિ આપી ત્યારથી આપણે તેમના જન્મદિવસને શિક્ષકદિન તરીકે ઉજવીએ છીએ.

આ દિવસે રાજ્ય સરકાર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના શ્રેષ્ઠ શિક્ષકોને ઍવૉર્ડથી નવાજીને તેમનું સન્માન કરે છે. પ્રાચીન તપોવનોમાં સાંદિપની, વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગુરુ દ્રોણ વગેરે જેવા ઋષિઓ હતા. ભારતના અને વિશ્વના શ્રેષ્ઠ શિક્ષણકારો અને પ્રેરણામૂર્તિ શિક્ષકોના પ્રદાન અને તેમનાં ઉમદા કાર્યોથી પુસ્તકો લખાય એમ છે. શિક્ષકદિન નિમિત્તે સર્વે ગુરુજનોને વંદન.

**('વિશિષ્ટ દિન-મહિમા'- પુસ્તકમાંથી ટૂંકાવીને સાભાર)**

Printed by Sahitya Mudranalaya Pvt. Ltd. City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 Published by Shri R. R. Vyas, Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat) on behalf of the Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat) and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd. City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 Published at Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat), Editor Shri R. R. Vyas, (Secretary, GS & HSEB, Gandhinagar, Gujarat)

આ QR કોડની મદદથી આપ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રકાશિત 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ' સામયિકનું વાંચન કરી શકશો.

Total Pages :
**32 + 04 = 36 Pages**

Price :
Per Copy Rs. 40/-

Annual Subscription :
For School - Rs. 400/-
For Individual - Rs. 200/-